dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 164 | AD - 2025, Fagan Vad - 06 | Thursday, Dt.20-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ડ્રેગન કેપ્સ્યુલને અલગ કરવાથી લઈને ફ્લોરિડાના દરિયામાં ઉતરાણ સુધી લગભગ ૧૭ કલાક લાગ્યા

# નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સનું અવકાશયાન પૃથ્વી પર આવ્યું : ભારતમાં ખુશી

નવીદિલ્હી,તા.૧૯

સ્પેસએક્સના ડ્રેગન કેપ્સ્યુલના સફળ સ્પ્લશડાઉન પછી નાસા ક્રૂ-૯ અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ નિક હેગ, બુચ વિલ્મોર અને રશિયન અવકાશયાત્રી એલેક્ઝાન્ડર ગોર્બુનોવે આખરે પૃથ્વી પર ૯ મહિના પછી પરત ફર્યા છે. અવકાશયાત્રીઓને સ્ટ્રેચર પર કેપ્સ્યુલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતાં. લાંબા ગાળાના અવકાશ મિશનમાંથી પાછા ફરતા બધા અવકાશયાત્રીઓ માટે ખાસ સાવચેતી રાખવામાં આવી હતી. આ સ્પેસ કેપ્સૂલ યુએસ સમય અનુસાર સોમવાર - મંગળવાર રાત્રે ૧ વાગ્યા પછી આંતરરાષ્ટ્રીય હબથી અલગ થઈ ગયું અને પછી સવારે ૫ : ૫૭ વાગ્યે ફ્લોરિડા કિનારે ઉતર્યું હતું. ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૯ મહિના પછી પૃથ્વી પર પાછા ફર્યા છે. તેમની સાથે, ક્રૂ-૯ ના બે વધુ અવકાશયાત્રીઓ, નિક હેગ અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ પણ છે. આ લોકોને અવકાશ મથકથી પૃથ્વી પર પાછા ફરવામાં ૧૭ કલાક લાગ્યા. ચારેય અવકાશયાત્રીઓ ૧૮ માર્ચ, મંગળવારના રોજ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક છોડ્યું હતું. જ્યારે અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું ત્યારે તેનું તાપમાન ૧૬૫૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું હતું. આ સમય દરમિયાન થોડા સમય માટે સંદેશાવ્યવહાર બંધ રહ્યો હતો. ડ્રેગન કેપ્સ્યુલને અલગ કરવાથી લઈને ફ્લોરિડાના દરિયામાં ઉતરાણ સુધી લગભગ ૧૭ કલાક લાગ્યા હતા. ફ્લોરિડા કિનારે કેપ્સ્યુલ ઉતરતાની સાથે જ, અવકાશયાત્રીઓનું સ્વાગત કરવા અનેક ડોલ્ફિન તેની આસપાસ તરતી જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે મંગળવારે સવારે અવકાશયાનનો દરવાજો બંધ થઈ ગયો અને થોડા સમય પછી અવકાશયાન



અવકાશ સ્ટેશનથી અલગ થઈ ગયું હતું. આ પછી, બુધવારે સવારે ૨:૪૧ વાગ્યે ડીઓર્બિટ બર્ન શરૂ થયું. એટલે કે, અવકાશયાનનું એન્જિન ભ્રમણકક્ષાથી વિરુદ્ધ દિશામાં ફાયર કરવામાં આવ્યું હતું. આ કારણે, અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું અને સવારે ૩:૨૭ વાગ્યે તે ફ્લોરિડાના દરિયાકાંઠે પાણીમાં ઉતર્યું. ડ્રેગન અવકાશયાનના સફળ ઉતરાણ પછી, સુનિતા વિલિયમ્સ સહિત તમામ અવકાશયાત્રીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. ડ્રેગનમાંથી બહાર આવતાની સાથે જ બધા અવકાશયાત્રીઓએ કેમેરા તરફ જોયું, હાથ હલાવીને ઘરે પાછા ફરવાની ખુશી વ્યક્ત કરી હતી. નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૯ મહિના અવકાશમાં વિતાવ્યા પછી સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફર્યા છે. સુનિતા વિલિયમ્સ, તેમના પાછા ફરવા પર, ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ કહ્યું, ''સુનિતા વિલિયમ્સ, ફરી સ્વાગત છે!'' ઈસરોએ કહ્યું, ''આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર લાંબા મિશન પછી તમારી સુરક્ષિત વાપસી એક નોંધપાત્ર સિદ્ધિ છે.'' આ નાસા, સ્પેસએક્સ અને યુનાઈટેડ સ્ટેટ્સની પ્રતિબદ્ધતાનું એક અદ્ભૂત ઉદાહરણ છે, જે સુનિતાએ પોતાની અપ્રતિમ હિંમત અને સમર્પણથી પૂર્ણ કર્યું.

### નરેન્દ્ર મોદીએ સુનિતા વિલિયમ્સને પૃથ્વી પર સુરક્ષિત પાછા ફરવા બદલ અભિનંદન પાઠવ્યા

પીએમ નરેન્દ્ર મોદીએ સુનિતા વિલિયમ્સને પૃથ્વી પર સુરક્ષિત પાછા ફરવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X** પર એક સંદેશમાં, દેશના વડાપ્રધાને લખ્યું, “તમારું સ્વાગત છે ક્રૂ ૯! ધરતીએ તમને મિસ કર્યા.” પીએમ મોદીએ આગળ લખ્યું “તેમનો આ અનુભવ ધૈર્ય અને અમર્યાદ માનવ ભાવનાની કસોટી રહ્યો છે. સુનિતા વિલિયમ્સ અને ક્રૂ ૯ ના અવકાશયાત્રીઓએ ફરી એકવાર આપણને બતાવ્યું છે કે દ્રઢતાનો ખરેખર અર્થ શું થાય છે. ભારે અનિશ્ચિતતાનો સામનો કરતી વખતે તેમનો અટલ નિશ્ચય લાખો લોકોને હંમેશા પ્રેરણા આપશે.”

# યુદ્ધવિરામ બાદ ઈઝરાયલની ગાઝા પર એરસ્ટ્રાઈક: ગાઝામાં હમાસના PMની હત્યા

તેલ અવીવ, તા.૧૯

ઈઝરાયલે ગાઝામાં હમાસના વડાપ્રધાન ઈસમ દિબ અબ્દુલ્લા અલ-દાલિસની હત્યા કરી છે. ઈઝરાયલ સંરક્ષણ દળોએ અબ્દુલ્લાના મૃત્યુની પુષ્ટિ કરી છે. જુલાઈ ૨૦૨૪માં રૂહી મુશ્તાહના અવસાન પછી અબ્દુલ્લાએ તેમનું સ્થાન લીધું હતું. અબ્દુલ્લા ગાઝામાં હમાસ સરકાર ચલાવતા હતા. તેમની પાસે હમાસના સંગઠન અને આતંકવાદી પ્રવૃત્તિઓની જવાબદારી પણ હતી. છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયલે હવાઈ હુમલામાં હમાસના ૩ ટોચના આતંકવાદીઓને પણ ઠાર માર્યા છે. આમાં હમાસના કમાન્ડર અને રાજકીય નેતાઓ મહમૂદ મરઝૌક અહેમદ અબુ-વત્ફા, બહજત હસન મોહમ્મદ અબુ-સુલતાન અને અહેમદ ઓમર અબ્દુલ્લા અલ-હતાનો સમાવેશ થાય છે. મંગળવારે સવારે ઈઝરાયલે ફરી ગાઝામાં હવાઈ હુમલા શરૂ કર્યા હતા. તા.૧૯ના સવારથી ઈઝરાયલી હુમલાઓમાં ૪૧૩ લોકો માર્યા ગયા છે, જ્યારે સેંકડો ઘાયલ થયા છે. આ



હુમલા સાથે ગાઝા અને ઈઝરાયલ વચ્ચે ૧૯ જાન્યુઆરીએ થયેલા બે મહિના જૂના યુદ્ધવિરામનો ભંગ થયો છે. ઈઝરાયલનો દાવો છે કે તે હુમલાની યોજના બનાવી રહેલા આતંકવાદીઓને નિશાન બનાવી રહ્યું છે. તે જ સમયે, ગાઝાના આતંકવાદી સંગઠન હમાસનું કહેવું છે કે નેતન્યાહૂનો ફરીથી યુદ્ધ શરૂ કરવાનો નિર્ણય ઈઝરાયલી બંધકો માટે મૃત્યુદંડની સજા સમાન છે. આ હુમલા બાદ, હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લગભગ ૫૯ ઈઝરાયલી બંધકોની મુક્તિ અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે. બીજી તરફ, ઈઝરાયલી દળોએ લોકોને પૂર્વી ગાઝા ખાલી કરવાનો આદેશ આપ્યો છે.

# બાડમેર નજીક સરહદ પર પાકિસ્તાને બંકર બનાવ્યા બાદ ભારતે ત્રણ બંકર બનાવ્યા

બાડમેર,તા.૧૯

રાજસ્થાનમાં બાડમેરને અડીને આવેલી આંતરરાષ્ટ્રીય (ભારત-પાકિસ્તાન) સરહદ પર તણાવપૂર્ણ પરિસ્થિતિ છે. આંતરરાષ્ટ્રીય સરહદ કાયદાઓની અવગણના કરીને, ભારત-પાકિસ્તાન સરહદ પર બંકરો બનાવવામાં આવ્યાં છે. જ્યારે ભારતે આનો વિરોધ કર્યો, ત્યારે તેણે બંકરોને શૌચાલય કહીને પોતાનો બચાવ કર્યો હતો. હવે ભારતે પણ સરહદ પર ત્રણ બંકર બનાવ્યાં છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે જ્યાં




સુધી પાકિસ્તાન તેના બંકરો તોડી નાખે નહીં ત્યાં સુધી ભારતનાં બંકરો અકબંધ રહેશે. આટલા વિરોધ પછી, પાકિસ્તાને સરહદને અડીને બીજું બંકર બનાવવાનું શરૂ કરી દીધું હતું. આ અંગે ફરી વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ભારતે પાકિસ્તાનને ચેતવણી પણ આપી હતી. છતાં તે સંમત ન થયું. બદલામાં, ભારતે પણ કડક કાર્યવાહી કરી છે. બીએસએફના ડીઆઈજી રાજકુમાર બસાતાએ જણાવ્યું હતું કે લગભગ ૨૨ દિવસ પહેલાં ભારત દ્વારા ઝીરો લાઈન નજીક ત્રણ બંકર બનાવવામાં આવ્યાં હતાં. આ જોઈને, પાકિસ્તાન પાછળ હટ્યું અને તેના એક બંકરને તોડી પાડ્યું. તેનું એક બંકર હજુ પણ હયાત છે. સરહદ પર સતત નજર રાખવામાં આવી રહી છે.




# પાકિસ્તાનમાં આતંકવાદી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં હાઈ એલર્ટ, સેનાને પેટ્રોલિંગ વધારવાના આદેશ

જમ્મુ,તા.૧૯



પાકિસ્તાનમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલાઓને ધ્યાનમાં રાખીને, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાને લઈને હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સુરક્ષા દળોને પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન વધારવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. તે જ સમયે, સુરક્ષા મેળવતા રાજકારણીઓ અને વીઆઈપી લોકોને તમામ સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બલુચિસ્તાનમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાઓ, જેમાં ટ્રેન હાઈજેકિંગ અને લશ્કરના ટોચના કમાન્ડર ઝિયા-ઉર-રહેમાન ઉર્ફે નદીમ ઉર્ફે અબુ કતલની હત્યાનો સમાવેશ થાય છે, બાદ સુરક્ષા ચેતવણી જારી કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીરમાં થયેલા અનેક આતંકવાદી હુમલાઓમાં કતલ વોન્ટેડ હતો. તેને લશ્કર-એ-તૈયબાના સ્થાપક અને ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદનો સૌથી વિશ્વાસુ હેન્ડલર માનવામાં આવતો હતો. તેમની પાસે પૂંછ અને રાજૌરીમાં ઓવરગ્રાઉન્ડ વર્કર્સનું મોટું નેટવર્ક હતું. ગુપ્ત માહિતીનો હવાલો આપતા, અધિકારીઓએ લક્ષિત હુમલાઓની શક્યતા તરફ ધ્યાન દોર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ વીઆઈપી લોકોને તેમના પ્રવાસનું સમયપત્રક સુરક્ષા નિયંત્રણ ખંડ અથવા વરિષ્ઠ પોલીસ અધિક્ષકોને અગાઉથી આપવા કહેવામાં આવ્યું છે. રાજકારણીઓ સહિત તમામ સુરક્ષિત વ્યક્તિઓને સતર્ક રહેવા અને સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવા કહેવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વીઆઈપી લોકોને તેમના પ્રવાસ કાર્યક્રમોમાં છેલ્લી ઘડીએ ફેરફાર ટાળવા અને ફક્ત ત્યારે જ આતંકવાદગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા કહેવામાં આવ્યું છે જ્યારે માર્ગ ખોલવાની પાર્ટીઓ તૈનાત હોય. સૂર્યાસ્ત પછી કોઈપણ વિસ્તારમાં ન જવાની અથવા પૂર્વ-નિયોજિત માર્ગો ન બદલવાની સલાહ આપવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષિત વ્યક્તિઓને તેમના કાર્યક્રમો ગુપ્ત રાખવા અને ફક્ત તેમના અંગત સુરક્ષા અધિકારીઓ સાથે જ ફરવા માટે કહેવામાં આવ્યું છે.









# પડતર પ્રશ્નનું નિરાકરણ નહી આવતા અમરેલી ઈન સર્વિસ ડોક્ટરો દ્વારા આવેદન



અમરેલી,તા.૧૯

અમરેલીના ઈન સર્વિસ ડોક્ટરોએ ૨૦૨૨ ની શરૂઆતમાં આંદોલન કરી અનિશ્ચિત મુદતની હડતાલ પાડેલ હતી તે સમયે સરકાર દ્વારા તમામ માગણીઓ ધ્યાનપૂર્વક સાંભળી નિરાકરણ લાવવા માટે બાહેધરી આપતા આંદોલન સમેટાયુ હતું. પરંતુ આજદિન સુધી તબીબોના વહીવટી પ્રશ્નો જેવા કે ઉચ્ચતર પગાર ધોરણનો સમયસર લાભ, સમયસર સેવા સળંગ અને દર વર્ષે સિનિયોરીટી લિસ્ટ બહાર પાડવાનું હોય છે જેમનું યોગ્ય નિરાકરણ થઈ શકેલ નથી. જયારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો કે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડેન્ટલ તબીબોને ઉચ્ચત્તર પગારધોરણનો લાભ આવવામાં આવે, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ભારત સરકારની ગાઈડલાઈન પ્રમાણે છ તબીબી અધિકારીઓની પોસ્ટ ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ હેઠળ હોવી જોઈએ તે મુજબ હાલમાં ફક્ત ત્રણ તબીબોનુંજ મહેકમ જોવા મળે છે. આમ ઉપરોક્ત વહીવટી પ્રશ્નો બાબતે નિરાકરણ ન આવતા અમરેલીના ડોક્ટર ગ્રુપના પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર સચિવાલય ખાતે મુખ્યમંત્રી તેમજ આરોગ્ય મંત્રીના કાર્યાલય ખાતે આવેદનપત્ર આપી પ્રશ્નોનું યોગ્ય ન્યાયિક નિરાકરણ લાવવા માટે જણાવેલ છે. તબીબોના વહીવટી પ્રશ્નોનો યોગ્ય નિકાલ ન આવે તો તારીખ ૭ એપ્રિલના રોજ વિશ્વ આરોગ્ય દિવસે સમગ્ર ગુજરાત સહિત અમરેલી જિલ્લાના તબીબો માસ સીએલ ઉપર જશે તેવી રજૂઆત સાથે કલેકટર અને ડીડીઓને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં ખુલ્લી ગટરને કારણે વાહનચાલકોને અકસ્માતનો ભય, લોકોએ કરી સમારકામની માંગ



સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના હાર્દ સમાન મણીભાઈ ચોક પાસે ઈન્દુ પ્લાઝા કોમ્પ્લેક્સ નજીક ગટરનું ઢાંકણું તૂટેલી હાલતમાં છે, જે રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે છે. આ તૂટેલા ઢાંકણામાં એક આઈશર ટ્રક ફસાઈ ગયો હતો, જે નગરપાલિકાની બેદરકારીનું ઉદાહરણ છે. તાજેતરમાં જ અહીં સમારકામ કામગીરી ચાલી રહી હતી, ત્યારે ગટરના ઢાંકણાની મજબૂતાઈ અને ગુણવત્તાની તપાસ કરવામાં આવી હતી કે કેમ તે એક મોટો પ્રશ્ન છે. જાગૃત નાગરિકો દ્વારા માંગ કરવામાં આવી છે કે નગરપાલિકાએ ગટરના ઢાંકણાની ગુણવત્તા પર ધ્યાન આપવું જોઈએ અને તૂટેલા ઢાંકણાનું યુદ્ધના ધોરણે સમારકામ કરવું જોઈએ, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

# સાવરકુંડલાનાં જેસર રોડ સ્વામિનારાયણ ગુરુકુળ શાળામાં ઉજવાયો ‘બેગલેસ ડે’



સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા જેસર રોડ સ્વામિનારાયણ ગુરુકુળમાં એક અનોખો બેગલેસ ડે ઉજવવામાં આવ્યો હતો. આજના દિવસે વિદ્યાર્થીઓ સ્કૂલબેગ લીધા વગર સ્કૂલે આવ્યા અને ખૂબ અવનવી રમતો રમ્યા હતા. જેનું આયોજન શાળાના શિક્ષક કૌશિકગીરી ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમને માર્ગદર્શન તેમજ સંચાલન શાળાના આચાર્ય ગિરીશભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લામાં રેતીચોરો સામે પોલીસની કાર્યવાહી, સ્ટોકધારકોના સ્થળોએ તપાસ



અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં રેતીચોરો સામે પણ કડક કાર્યવાહી કરવાના જિલ્લા પોલીસ વડાએ આદેશ આપ્યા છે. ૧૧૩ ઈસમોનું લિસ્ટ તૈયાર થયા બાદ વીજચોરો બાદ હવે ખનીજચોરો સામે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના આદેશ બાદ પોલીસ અને ખાણ ખનીજ વિભાગની સંયુક્ત ટીમે દરોડા પાડ્યા છે. અમરેલી તાલુકા પીઆઈ ઓમદેવસિંહ જાડેજાની ટીમે રેતી સ્ટોક રજિસ્ટ્રેશન ધારકોના સ્થળોએ તપાસ શરૂ કરી છે. ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ સ્ટોકની માપણી કરી રહ્યા છે. તેઓ રોયલ્ટીના ઉપયોગ અને ગેરકાયદેસર રેતી હેરાફેરીની તપાસ કરી રહ્યા છે. શેત્રુંજી નદીના પટ વિસ્તારમાં રાત્રે રેતીચોરી વધુ થતી હોવાથી પોલીસે ખાસ નજર રાખી છે. પોલીસ રાત્રે અને વહેલી સવારે ખાનગી વોચ રાખી દરોડા પાડી રહી છે. પોલીસે રેતીચોરી કરનારાઓ સામે લાલઆંખ કરી છે. પોલીસની કડક કાર્યવાહીથી રેતમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલી શહેરમાંથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

**સગીરાના પિતાએ ગારીયાધારના યુવક સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં રહેતી એક સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું.

બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ગારિયાધારના રતનવાવના રહેવાસી જયદીપગીરી અભયગીરી ગૌસ્વામી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આ કામનો આરોપી તેમની સગીર પુત્રીને લલચાવી-ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશનમાં પડતર વાહનોની જાહેર હરાજી, રૂ. ૮૦ હજારની આવક



લીલીયા, તા.૧૯

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે એમ.વી. એક્ટ કલમ-૨૦૭ હેઠળ જપ્ત કરાયેલા અને લાંબા સમયથી પડેલા વાહનોની જાહેર હરાજી કરવામાં આવી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.જે. ગીડા દ્વારા તાલુકા એકજી. મેજી. પાસેથી હરાજીની મંજૂરી મેળવ્યા બાદ નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહિલની અધ્યક્ષતામાં તારીખ ૧૯/૦૩/૨૦૨૫ ના રોજ આ હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૭ વેપારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ જાહેર હરાજીના અંતે એમ.વી. એક્ટ અને સ્ટે. ડા. એન્ટ્રી મુજબ જપ્ત કરાયેલા કુલ ૧૩ મોટરસાયકલનું વેચાણ થતા અંદાજે રૂપિયા ૮૦,૦૦૦ની આવક થઈ હતી.

# બગસરા પાલિકાએ બે દુકાનોને સીલ કરી



અમરેલી, તા.૧૯

બગસરા નગરપાલિકા દ્વારા માર્ચ મહિનો પુરો થવા આવ્યો હોવા છતાં હજુ માત્ર ૬૬ ટકા જ વેરા વસુલાત થઈ હોવાથી પાલિકાએ બાકી વેરા બાબતે કડક કાર્યવાહી હાથ ધરી છે જેમાં શહેરમાં આવેલ આર.બી. કોમ્પ્લેક્ષમાં બે દુકાનોને સીલ મારવામાં આવ્યા હતા. બગસરા નગરપાલિકામાં કોમર્શિયલ મિલકતધારકોનું લાખો રૂપિયાનું બીલ બાકી છે. આ બાબતે પાલિકાએ અવારનવાર નોટીસ આપવા છતાં મિલકતધારકોએ વેરો નહી ભરતા પાલિકાએ કોમર્શિયલ મિલકતોને સીલ મારવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં અમરપરામાં આવેલ આર.બી. કોમ્પ્લેક્ષમાં છેલ્લાં ૬ વર્ષથી વેરો નહી ભરતા વેરાની રકમ રૂ.૩૫૦૦૦ની આસપાસ પહોંચી ગઈ હતી. પાલિકાએ વેરો ભરવા માટે નોટીસ આપવા છતાં મિલકતધારક દ્વારા વેરો ભરવામાં આવ્યો નહોતો જેથી પાલિકાએ આર.બી. કોમ્પ્લેક્ષમાં બે દુકાનોને સીલ મારવાની કામગીરી હાથ ધરી હતી. પાલિકાની કડક કાર્યવાહીથી બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.


વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488

નક્ષત્ર મોટર્સ



Tunwal E-Vehicles

સોલાર રૂફટોપ સિસ્ટમ

વસાવો ઈલેક્ટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......

અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ

Rs.78000/- સબસિડી

ઈલેક્ટ્રીક બાઈક

ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ

ઈલેક્ટ્રીક બાઈક તુનવાલ યો બાઈક

એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી


# બગસરા પાલિકાની ભૂગર્ભ ગટર કામગીરીથી સ્થાનિકો ત્રસ્ત



તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૧૯

બગસરા નગરપાલિકા દ્વારા પંચમુખી વાળી શેરીમાં કરવામાં આવેલી ભૂગર્ભ ગટરની કામગીરી અત્યંત નબળી ગુણવત્તાવાળી હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો છે. ગટરની કુંડીઓનું લેવલ યોગ્ય ન હોવાથી પાણીનો નિકાલ થતો નથી, જેના કારણે રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. એટલું જ નહીં, આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા પાણીની પાઈપલાઈનો પણ તોડી નાખવામાં આવી હતી, જેની મરામત કરવામાં આવી નથી.

આ વિસ્તારના લોકોએ અનેકવાર પાલિકામાં લેખિત અને મૌખિક ફરિયાદ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

વધુમાં મહિલાઓએ જણાવ્યું હતુ કે, ભૂગર્ભ ગટરના કામને કારણે રસ્તાની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે, જેના લીધે ભારે વાહનો પસાર થતાં પાણીની પાઈપલાઈનો વારંવાર તૂટી જાય છે અને લોકોને પાણી વગર રહેવું પડે છે. આ સમસ્યાથી કંટાળીને તા.૧૯ ના રોજ માલધારી સમાજની મહિલાઓએ નગરપાલિકા ખાતે ચીફ ઓફિસરને આવેદનપત્ર આપીને તાત્કાલિક ધોરણે રસ્તો બનાવવા, ગટરની સમસ્યા દૂર કરવા અને તૂટેલી પાઈપલાઈનોને રિપેર કરવાની માંગ કરી હતી.

મહિલાઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595

New Number 97230 67130

હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ

ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ

ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ

સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ

હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ

વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### ધુળેટીના તહેવારના ટ્રાફિકને પહોંચી વળવા તા.૧૦થી ૧૬ માર્ચ દરમિયાન

# અમરેલી એસ.ટી. ડિવિઝને ધુળેટી પર્વને લઈ ૯૭ એક્સ્ટ્રા ટ્રીપ દોડાવી

**એક્સ્ટ્રા ટ્રીપ થકી કુલ રૂા.૧૧.૩૬ લાખની આવક, ૫૪૧૭ મુસાફરોએ લાભ લીધો**

અમરેલી,તા.૧૯

અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા હોળી ધુળેટીના તહેવારને લઈ વધારાની બસો દોડાવી હતી. તા.૧૦ થી ૧૬ માર્ચ સુધીમાં ૯૭ ટ્રીપ મારવામાં આવી હતી. જેમાં ૪૨૦૯૫ કિમીનું અંતર કાપવામાં આવ્યું હતું. જેમાં પાંચ હજાર કરતા વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેના થકી ૧૧.૩૬ લાખની આવક થઈ હતી. અમરેલી એસ. ટી. વિભાગ દ્વારા પરપ્રાંતીયોને પોતાના વતનમાં જવા માટે કોઈ મુશ્કેલી ન પડે તે માટે વધારાની બસનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી એસ.ટી. ડિવિઝન દ્વારા ૭ ડેપોમાંથી વધારાની બસ દોડાવવામાં આવી હતી. જેમાં અમરેલી ડેપોમાંથી ૮ ટ્રીપમાં ૯૮૬૫૪ રૂપિયાની આવક થઈ હતી. ૫૪૮ મુસાફરોને મુસાફરી કરી હતી. બગસરામાંથી ૨૫ ટ્રીપ દોડાવાઈ હતી જેમાં ૩.૬૧ લાખની આવક થઈ હતી અને ૧૪૩૨ મુસાફરોએ મુસાફરી કરી હતી. ધારી ડેપોએ ૮



એક્સ્ટ્રા ટ્રીપ દોડાવી હતી જેમાં ૧.૨૭ લાખની આવક થઈ હતી અને ૫૮૩ મુસાફરોએ લાભ લીધો હતો. કોડીનાર ડેપોએ ૪ ટ્રીપ દોડાવી હતી જેમાં રૂ.૨૩૬૦૪ની આવક થઈ હતી અને ૨૦૨ મુસાફરોએ લાભ લીધો હતો. રાજુલા ડેપોએ ૧૪ ટ્રીપ દોડાવી હતી, રૂા.૧.૪૬ લાખની આવક થઈ હતી અને ૪૭૫ મુસાફરોએ લાભ લીધો હતો. સા.કુંડલા ડેપોએ ૨૬ ટ્રીપ દોડાવી હતી. રૂ.૩.૫૦ લાખની આવક થઈ હતી અને ૧૬૩૧ મુસાફરોએ લાભ લીધો હતો. ઉના ડેપોએ ૧૨ ટ્રીપ દોડાવી હતી, રૂ.૨૯૫૯૩ની આવક થઈ હતી અને ૫૪૬ મુસાફરોએ લાભ લીધો હતો. હોળી ધુળેટીના તહેવારમાં દાહોદ, ઝાલોદ, સંતરામપુર, લુણાવાડા, બારીયા, છોટાઉદેપુર, ડાકોર, ફતેપુરા, ગોધરા સહિત કંવાટ ખાતે જવા માટે મુસાફરોનો ધસારો રહ્યો હતો. અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા મુસાફરોના હિતને ધ્યાને લઈ વધારાની બસ દોડાવવામાં આવતા મુસાફરોને પણ રાહત થઈ હતી. એક્સ્ટ્રા બસ સંચાલન થકી અમરેલી એસ.ટી.ડિવિઝનને રૂ.૧૧.૩૬ લાખની આવક થઈ હતી. તહેવાર નિમિત્તે એક્સ્ટ્રા બસ દોડાવી અમરેલી એસ.ટી.વિભાગ આવક રળે છે. જો કે અનેકવાર મહત્વના રૂટ બંધ કરી દેવામાં આવતા હોવાની પણ મુસાફરોમાંથી ફરિયાદ ઉઠવા પામી છે.

# અમરેલી જિલ્લાના ૬ કેન્દ્ર પર પેપર ચકાસણી કાર્ય, અઠવાડિયામાં કામગીરી પૂર્ણ થશે!

અમરેલી,તા.૧૯

અમરેલી શહેર અને જિલ્લાના ૬ જેટલા કેન્દ્રો પર ધો.૧૨ની ગુજરાત બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી લગભગ એક અઠવાડિયામાં પૂર્ણ થઈ જશે. અમરેલી કેન્દ્રમાં તા.૧૫થી પેપર ચકાસણીની કામગીરી શરૂ કરવામાં આવી છે તેવા કેન્દ્રો પર સંભવતઃ શનિવાર



સુધીમાં પેપર ચકાસણી પુરી થશે તો વડીયા કેન્દ્ર પર તા.૧૭ના રોજ પેપર ચકાસણીની કામગીરી શરૂ થઈ છે ત્યાં તા.૨૫ સુધીમાં પેપર ચકાસણીની કામગીરી પુરી થાય તેવી સંભાવના છે. શિક્ષકો દ્વારા સવારના ૧૧થી ૫ દરમિયાન પેપર ચકાસણી કરવામાં આવે છે. સીસીટીવી કેમેરાની દેખરેખ નીચે તમામ પેપર ચેકિંગની કામગીરી કરવામાં આવી રહી છે. આ વર્ષે બોર્ડ દ્વારા વહેલી પરીક્ષા લેવાઈ હોવાથી ધો.૧૨નું પરિણામ સંભવતઃ મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં પરિણામ આવે તેવી સંભાવના લાગી રહી છે.

# રાજુલા-જાફરાબાદ પંથકમાં વીજ કર્મચારીઓના મહેકમ બાબતે ધારાસભ્યએ ઉર્જામંત્રીને કરી રજૂઆત

અમરેલી,તા.૧૯

રાજુલા અને જાફરાબાદ પંથકમાં વીજ કર્મચારીઓની અછતને કારણે ઉનાળામાં વીજળીની આવન-જાવનની સમસ્યા સર્જાઈ રહી છે. પીજીવીસીએલમાં કર્મચારીઓનું મહેકમ પુરૂ કરવા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ઉર્જામંત્રીને રજૂઆત કરી છે. રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં PGVCL



કચેરીની કામગીરી સ્ટાફની અછતને કારણે પ્રભાવિત થઈ રહી છે. સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ આ મુદ્દે રાજ્યના ઊર્જામંત્રી કનુ દેસાઈને પત્ર લખ્યો છે. વર્ષો પહેલા મંજૂર થયેલા મહેકમ પ્રમાણે હાલ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વધતી જતી ગ્રાહકોની સંખ્યાને કારણે આ મહેકમ અપૂરતું છે. પરિણામે વીજ ગ્રાહકોની ફરિયાદોનો સમયસર નિકાલ થઈ શકતો નથી. રાત્રિ દરમિયાન વીજ પુરવઠાની મેઈન્ટેનન્સ કામગીરી પણ સ્ટાફની અછતને કારણે પ્રભાવિત થાય છે. આના કારણે કેટલીક વખત વીજ પુરવઠો સમયસર પુનઃસ્થાપિત થઈ શકતો નથી. સ્થાનિક વેપારીઓ સહિત લોકોએ આ મુદ્દે ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરી હતી. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ઊર્જામંત્રીને પત્રમાં જણાવ્યું છે કે વધારાના મહેકમની મંજૂરી વહીવટી અને ગ્રાહકોના હિતમાં જરૂરી છે.






## અવસાન નોંધ

**સાવરકુંડલા**

હસમુખરાય જગજીવનદાસ વડેરા (ખાંભાવાળા) (ઉ.વ.૭૫) તે પ્રકાશભાઈ વડેરા(પિન્ટુભાઈ), વીણાબેન કાનાબાર મુ.વેરાવળ, નીલાબેન રાજાણી મું. જૂનાગઢનાં પિતાશ્રીનું અવસાન થયેલ છે.

**અમરેલી**

ગુ.ક્ષ.કડિયા મૂળ અમરેલી હાલ રાજકોટ સ્વ.ધનજીભાઈ મોહનભાઈ રાઠોડના ધર્મપત્ની મુક્તાબેન ધનજીભાઈ રાઠોડનો મંગળવાર તા.૧૮ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

# પેન્શનરોએ આકારણી કરી આવકવેરા કાપવા અંગે જિલ્લા પેટા તિજોરીને જાણ કરવા અનુરોધ

અમરેલી,તા.૧૯

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે આવકવેરા અધિનિયમ- ૧૯૬૧ની કલમ-૧૯૨ અને ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના નિયમ-૧૪૬ મુજબ નાણાકીય વર્ષ દરમિયાન થનાર અંદાજિત આવકની ગણતરી કરી તે મુજબ માહે એપ્રિલના માસથી દર માસે સરખા હિસ્સે સીધેસીધી કપાત કરી (ટીડીએસ) ભારત સરકારમાં જમા કરાવવાના રહે છે. પેન્શનની અંદાજિત આવક રુ.૧૨,૭૫,૦૦૦ થી વધુ થતી હોય તેવા પેન્શનરોએ સ્વ આકારણી કરી કેટલો આવકવેરો કાપવો તેની જાણ અમરેલી જિલ્લા તિજોરી કચેરીને તા.૦૫ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં કરવી. આ જોગવાઈનો અમલ ન થવાને કારણે નાણાકીય વર્ષના છેલ્લા માસમાં એક સામટી આવકવેરાની કપાત કરાવવામાં આવે છે, જે ઉપરોક્ત નિયમોની વિરુદ્ધ છે જેથી દર માસે સરખે હિસ્સે આવકવેરાની ગણતરી કરવી અને તેની જાણ અમરેલી જિલ્લા તિજોરી કચેરીને કરવી.


**અમરેલી સીટીનું પ્લેઈસમેન્ટ સંભાળી શકે તેવા પાર્ટટાઈમ – પ્લેઈસમેન્ટ ઓફીસર જોઈએ છે.**

★ સંકુલની MA - M.Com. - M.Sc. - MBA - MCA કોલેજ તેમજ B.Pharm. 4th Year - B.Ed. - PG DMLT કોલેજની હોસ્ટેલ ની PG ગર્લ્સ ને

★ બપોર પછી અમરેલી સીટીમાં પાર્ટટાઈમ જોબ અપાવવાનું કાર્ય અથવા સ્ટાઈપેન્ડ બેઈઝ ઈન્ટર્નશીપ અપાવવાનું કાર્ય સંભાળી શકે તેવા

★ પાર્ટટાઈમ પ્લેસમેન્ટ અધિકારી જોઈએ છે. ઈન્ટ્રેસ્ટેડ લેડીઝ ઉમેદવારે સંપર્ક સાધવો

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢરોડ અમરેલી- Ad 128



**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૪૭/૨૦૨૫

અરજદાર :- શ્રી મનુભાઈ મોટાભાઈ કિડેચા
સરનામું :- મું.ટીંબી તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું. ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મનુભાઈ મોટાભાઈ કિડેચા** એ તેમની **પુત્રી નામે શ્રી અરૂણાબેન મનુભાઈ કિડેચાનો જન્મ તા.૦૧/૧૨/૧૯૮૦ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૫૭/૨૦૨૫

અરજદાર :- શ્રી નરપાલી ઈસુબભાઈ ઈબ્રાહીમભાઈ
સરનામું :- મું.તુંકી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ
મું. જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી નરપાલી ઈસુબભાઈ ઈબ્રાહીમભાઈ** એ તેમના મામાના **પુત્ર ભાઈઓ નામે (૧) સબીર નસીરભાઈ નરપાલી નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ (૨) અફઝલ નસીરભાઈ નરપાલી નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૨ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૨/૦૩/૨૦૨૫
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૪૬/૨૦૨૫

અરજદાર :- શ્રી બારૈયા હર્ષદરાય કાદુભાઈ
સરનામું :- મું.રામેશ્વર સોસાયટી, જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ
મું. જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી બારૈયા હર્ષદરાય કાદુભાઈ** એ તેમના **પિતા નામે શ્રી કાદુભાઈ વીરાભાઈ બારૈયા નું મરણ તા.૦૧/૦૬/૧૯૯૧ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૫૫/૨૦૨૫

અરજદાર :- શ્રી લક્ષ્મીબેન ભીખાભાઈ શિયાળ
સરનામું :- મું.ધારાબંદર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધારાબંદર
મું. ધારાબંદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી લક્ષ્મીબેન ભીખાભાઈ શિયાળ** એ તેમના **માતા નામે સ્વ.શ્રી મોંઘીબેન અરજણભાઈ મેર નું અવસાન તા.૦૧/૦૧/૧૯૯૦ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૨ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૨/૦૩/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# રાજુલા તાલુકામાં પાંચ ઈસમો સામે ગેરકાયદે વીજ જોડાણ અંગે ગુનો નોંધાયો

**પોલીસની કડક કાર્યવાહીથી અસમાજિક તત્વોમાં ફેલાયો ફફડાટ**



અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શનથી જિલ્લામાં અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્યના પોલીસ વડાના આદેશ બાદ જિલ્લામાં ૧૧૩ અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં, પોલીસે PGVCLની ટીમ સાથે મળીને ગુનેગારોના રહેણાંક મકાનોમાં ગેરકાયદેસર વીજ જોડાણની તપાસ હાથ ધરી હતી. જાફરાબાદ પંથક બાદ હવે પોલીસે રાજુલા તાલુકામાંથી ગેરકાયદે વીજ જોડાણ શોધી કાઢ્યા હતા. આ લોકોમાં રણજીતભાઈ માણકુભાઈ વાળા, જીતુભાઈ ઉર્ફે ગોબર સોલંકી, દિપક ઉર્ફે દીપ ધાખડા, રવિભાઈ ચૌહાણ, ચેતનભાઈ ભુવા નામના ઈસમ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચલાલા પાલિકાનો ભાજપ સદસ્ય પીધેલી હાલતમાં પોલીસની ઝપટે

**પોલીસે ત્રણ પીધેલાઓની અટકાયત કરી પ્રોહિબિશન હેઠળ કેસ નોંધ્યો**

ચલાલા,તા.૧૯

ચલાલા પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પીઆઈ વસૈયાએ પોલીસ સ્ટાફની જુદી જુદી ટીમ બનાવી ચલાલા પંથકમાં ચાલતી અસમાજીક પવૃત્તિઓને કડક હાથે ડામી દેવા કડક સૂચના આપી કામગીરી ચાલુ કરી હતી. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ચલાલા એસ. ટી. બસસ્ટેન્ડ પાસે રાજુભાઈ અમરુભાઈ વાળા રહે.વાઘવડી, તેમજ ધીરુભાઈ કલ્યાણભાઈ પરમાર રહે.હરીધામ સોસાયટી, મિઠાપુર ડુંગરી તેમજ ચલાલા નગરપાલિકાની તાજેતરની ચૂંટણીમાં વોર્ડ નં.૬માંથી ભાજપમાંથી ચૂંટણી લડી વિજયી



બનેલા સદસ્ય હિતેશ ચંદુભાઈ રાજયગુરુ રહે.દાનેવ સોસાયટી, ચલાલાનાઓને બગસરા રોડ, પેટ્રોલ પંપ પાસેથી પીધેલી હાલતમાં ઝડપી લેતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે અસામાજિક પ્રવૃત્તિઓને ડામી દેવા કડક હાથે કામ લેવાનું શરૂ કર્યુ છે અને પોલીસ પેટ્રોલિંગ કડક બનાવવામાં આવ્યું છે. પાલિકાના ભાજપ સદસ્ય જ પીધેલી હાલતમાં ઝડપાતા રાજકીય ગરમાવો આવી ગયો છે.

# વંડા ખાતે મહિલા સંરક્ષણની તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો

વંડા, તા.૧૯



વંડા ખાતે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વંડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ તથા કરાટે કોચ દ્વારા પીપીએસ હાઈસ્કૂલ વંડા ખાતે મહિલા સંરક્ષણની તાલીમનો પ્રારંભ થયો હતો. સુરક્ષા સેતુ સોસાયટી (SPC) અંતર્ગત વંડા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એ.એન. ગાંગણા તથા કરાટે કોચ વત્સલભાઈ પરમાર તેમજ સાહિલભાઈ ગોહિલ દ્વારા પી.પી.એસ. હાઈસ્કૂલમાં મહિલા સ્વ-રક્ષણની તાલીમનો પ્રારંભ કરવામાં આવેલ. જે દરમિયાન શાળામાં ઉપસ્થિત સિનિયર શિક્ષીકા નીતાબેન ભટ્ટ તેમજ રશ્મિબેને વંડા પીએસઆઈ તેમજ કરાટે કોચ વત્સલભાઈનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરી સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા સુંદર રીતે સંભાળી હતી.

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ બગસરાની બાળકીના હૃદયની વિનામૂલ્યે સફળ સારવાર

બગસરા, તા.૧૯

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આરબીએસકે) હેઠળ બગસરાની દોઢ વર્ષની બાળકી વેદિકા ભાવેશભાઈ વાઘેલાના હૃદયની વિનામૂલ્યે સફળ સારવાર કરવામાં આવી છે. વેદિકાને જન્મજાત હૃદયની ખામી (પીડીએ) હતી, જેનું અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સફળ



ઓપરેશન કરવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી, ડો. અખિલેશ સિંઘ, ડો. જાટ, તથા હેલ્થ ઓફિસર, ડો. બલદાણીયાના માર્ગદર્શન હેઠળ આરબીએસકે ટીમમાં ફરજ બજાવતા ડો. ગૌરવ કાપડીયા અને ડો. અલ્પાબેને વેદિકાને હૃદયમાં તકલીફ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેને સારવાર માટે અમરેલી શાળા આરોગ્ય વિભાગ અને પછી અમદાવાદ યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે મોકલવામાં આવી હતી.

# જાફરાબાદની બે શાળાઓના વિદ્યાર્થીઓને નર્મદા સિમેન્ટ કંપની દ્વારા સ્કૂલબેગનું વિતરણ કરાયું

જાફરાબાદ,તા.૧૯

જાફરાબાદના બાબરકોટ અને મિતિયાળા ગામની શાળા ખાતે અલ્ટ્રાટેક કંપની (યુનિટ: નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ) દ્વારા બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કંપનીના યુનિટ હેડ અનિલ શુક્લા, એફ. એસ. રાહુલ દેસાઈ સાહેબ, વિકાસ વર્મા, મનોજ બિરલા, રાજેન્દ્ર ગોયલ, એડમિન હેડ વિનીત રાણા, લાલજી ગુજ્જર, બાબરકોટના માજી સરપંચ અનકભાઈ, મિતિયાળાના સરપંચ ચંદુભાઈ બાંભણીયા, બાબરકોટના તાલુકા પંચાયતના મેમ્બર કરશનભાઈ, ગ્રામ પંચાયતના સભ્યો નનાભાઈ, છનાભાઈ તેમજ શાળાના શિક્ષકોએ બાળકોને બેગનું વિતરણ કર્યું હતું. બંને ગામના સરપંચોએ આ કાર્ય માટે કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જાફરાબાદમાં મહિલાની છેડતી કરી સોનાના મંગળસૂત્રની લૂંટ ચલાવી

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદમાં મહિલાની છેડતી કરી સોનાના મંગળસૂત્રની લૂંટ ચલાવવામાં આવી હતી. બનાવ અંગે ૮ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે બિંદુબેન રાકેશભાઈ ભાલીયાએ વિનોદભાઈ બાબુભાઈ વંશ, રાજેશભાઈ ઉકાભાઈ ભાલીયા, જયેશભાઈ રાણાભાઈ બારૈયા, જીતેશભાઈ ઉકાભાઈ સોલંકી, જયેશભાઈ ભોળુભાઈ બાંભણીયા, યોગેશભાઈ બાબુભાઈ વંશ, હિતેષભાઈ બાબુભાઈ વંશ, સંજયભાઈ બાબુભાઈ વંશ, રાહુલભાઈ વિનોદભાઈ વંશ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈના દીકરા સુમીત સંજયભાઈ બારૈયાને ધુળેટીના દિવસે બંદર ચોક ખાતે ગેરની રમતમાં ઝઘડો થયો હતો. તેનું મનદુઃખ રાખી તમામ આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી એકસંપ કરી તેમના પિતાજી મંગાભાઈના ઘર આગળ તિક્ષ્ણ હથિયારો સાથે આવ્યા હતા.તેમના કમરના ભાગે હાથ ફેરવી છેડતી કરી ધક્કો મારી નીચે પાડી દઈ પેટના ભાગે લાતો મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત ગળામાંથી બે તોલાનું સોનાનું મંગળસૂત્ર તથા સોનાની ચેઈન એક તોલાની જેની કુલ કિં.રૂ.૨,૫૦,૦૦૦ ની લૂંટ કરી હતી. તેમજ સાહેદ મંગાભાઈને ઉપરોક્ત તમામ આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ઉનાળો આવતાં જ એસીના કોપર પાઈપની ચોરી શરૂ થઈ

**અમરેલીમાં બનાવ બન્યો**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં કાળઝાળ ગરમીના પ્રારંભ સાથે જ એસીના કોપર પાઈપની ચોરી શરૂ થઈ છે.

અનીલભાઈ ધીરજલાલ રૂપારેલ (ઉ.વ.૬૬)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની ઓફિસે તથા તેના સમાજની ઓફિસે લગાડેલ કુલ-૬ એ.સી. માંથી ગેસ કોપર પાઈપલાઈન આશરે ૩૩ ફુટની કિં.રૂ.૫૦૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. પટલે વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં તરબૂચ વેચવા મુદ્દે બે પક્ષો વચ્ચે બોલી ધબધબાટી

સાવરકુંડલા, તા.૧૯

ઉનાળાના આગમન સાથે જ સાવરકુંડલામાં તરબૂચનું આગમન પણ થઈ ગયું છે. શહેરમાં તરબૂચ વેચવા મુદ્દે બે પક્ષોમાં બબાલ થઈ હતી અને સામસામી ફરિયાદ નોંધાવી હતી. અશોકભાઈ શામજીભાઈ પરમાર (ઉ.વ.૫૦)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાવરકુંડલા જેસર રોડ બાયપાસ ચોકડી ઉપર તેમની હોટેલ આવેલી છે. તેની સામે એક છોકરો રોડ ઉપર તરબૂચ વેચતો હતો. જેથી તેમણે તેને રોડ ઉપર તરબૂચ વેચવાની ના પાડી હતી. જેનું મનદુઃખ રાખી અજાણ્યા બે પુરૂષ તથા એક મહિલા આવી ગાળો બોલવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈને લોખંડના પાઈપ વડે માર માર્યો હતો. જે બાદ બાઘુબેન વા/ઓ માલદેભાઈ ધરમશીભાઈ સોલંકી (ઉ.વ.૩૦)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમનો દીકરો સાવરકુંડલા જેસર રોડ બાયપાસ ચોકડી ઉપર તરબૂચ વેચતો હતો. જેથી તેમણે તરબૂચ વેચવાની ના પાડી હતી. તેમના દીકરાને ગાળો આપી મુંઢમાર મારતાં તેઓ ત્યાં સમજાવવા જતા તેમને ગાળો આપી મુંઢ ઈજા પહોંચાડી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. કીકર બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: છઠ્ઠ
તા.૨૦-૦૩-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૨૫,
સૂર્યાસ્ત-૦૬:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૩-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. આ રાશિના કેટલાક લોકો આ દિવસે રોકાણ કરવાનો વિચાર પણ બનાવી શકે છે.

વૃષભ: આજે દિવસની શરૂઆત સારી થશે. આજે તમને કાર્યસ્થળમાં પણ ઈચ્છિત પરિણામ મળશે. વરિષ્ઠ લોકો સાથે વાતચીત કરીને તમને સારું લાગશે.

મિથુન: આજે તમે તમારી માતાના પક્ષના લોકોને મળીને સારું અનુભવશો. જો તમે નોકરી કરતા હોવ તો આજે બોનસ મળવાની સંભાવના છે.

કર્ક: આજે ઘરની સફાઈમાં પોતાની શક્તિ લગાવી શકો છો. આજે તમે જે પણ કામ હાથમાં લેશો તેમાં સફળતા મળવાની સારી તક છે.

સિંહ: વાહન ખરીદવાનો વિચાર કરી શકો છો. આ દિવસે આ રાશિના લોકોની માતાના સ્વાસ્થ્યમાં સારા ફેરફારો જોવા મળી શકે છે.

કન્યા: વાણીમાં મધુરતા જોવા મળી શકે છે. આજે તમે તમારા અવાજથી તમારા વિરોધીઓનું દિલ જીતવામાં પણ સફળ રહેશો.

તુલા: આજે નોકરિયાત લોકોને અચાનક જ થોડુ દુર જવું પડી શકે છે. આ યાત્રા જે પણ સંબંધિત હશે તેમાં તમને સફળતા મળવાની અપેક્ષા છે.

વૃશ્ચિક: ભાગ્ય સાથ આપશે, જો તમે ભૂતકાળમાં ક્યાંક રોકાણ કર્યું હોય તો તેમાંથી તમને નફો પણ મળી શકે છે.

ધન: વ્યવહારમાં સ્વતંત્રતા રહેશે. આજે વાત કર્યા વિના પણ તમને એવું લાગે છે કે જાણે કોઈ બોજ ઓછો થઈ ગયો હોય.

મકર: ભૌતિકતાવાદી માનવામાં આવે છે, પરંતુ આજે તેમના વર્તનથી વિપરીત, તેમનામાં આધ્યાત્મિક બાબતો તરફ રુચિ જોવા મળે છે.

કુંભ: આજે પોતાના જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. જેમણે તાજેતરમાં લગ્ન કર્યા છે તેઓ તેમના જીવનસાથી સાથે રોમેન્ટિક સમય પસાર કરી શકે છે.

મીન: આજે પોતાના ભોજન પર ધ્યાન આપવું પડશે, આજે બહારનો ખોરાક તમારા પાચનતંત્ર પર ખરાબ અસર કરી શકે છે.

# રાજુલાની આર્ટ્સ અને કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો

રાજુલા,તા.૧૯

રાજુલાની શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે બી.કોમ અને બી. એ.ની ત્રીજા વર્ષની વિદ્યાર્થિનીઓનો શુભેચ્છા વિદાય સમારંભ સુપેરે સંપન્ન થયો હતો. આ તકે નગરપાલિકામાં ચૂંટાયેલ સેવિકા અર્ચનાબેન જોશી, માતૃશક્તિ ગ્રુપના ઉપપ્રમુખ હેતલબેન મેખિયા, સભ્ય ચાંદનીબેન સ્માર્ત, કોલેજ



તસવીર : ગોપાલ રાઠોડ

કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ અને કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા તથા કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના પ્રિન્સીપાલ ડો. રીટાબેન રાવળે શાબ્દિક સ્વાગત કરી બહેનોને ઉજ્જવળ ભાવિ નિર્માણની શુભેચ્છા પાઠવી હતી. કોલેજની વિવિધ પ્રવૃતિમાં ભાગ લેનાર તમામ બહેનોને મહેમાનોના હસ્તે શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આ સાથે શ્રીમતી વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલય, રાજુલાની તૃતીય વર્ષની બહેનોને પણ શુભેચ્છાઓ સાથે વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિમાં સિદ્ધિ મેળવનારને પ્રોત્સાહિત કરવામાં આવેલ. કોલેજ તથા છાત્રાલયની બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

# જિલ્લામાં ૪ સ્થળેથી ૧૯ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે ચાર સ્થળેથી ૧૯ લીટર પીવાનો દેશી દારૂ ઝડપ્યો હતો. અરજણસુખ ગામેથી ૪ લીટર, ચલાલામાંથી ૨ લીટર, રાજુલામાંથી ૬ લીટર અને સાવરકુંડલામાંથી ૭ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાંથી સાત ઈસમો વીના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં મળી આવ્યા હતા. બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

# જાફરાબાદમાં પાણીમાં ડૂબી જવાથી પુરુષનું મોત

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદમાં એક પુરુષનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. પરેશભાઈ શંકરભાઈ સોલંકી ઉર્ફે રાજા બાવલા વાળા (ઉ.વ,.૨૭)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા શંકરભાઈ સોમભાઈ સોલંકીનું પાણીમાં ડુબી જવાથી મોત થયું હતું. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ વધુ તપાસ કરી રહ્યા છે.


-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-

કેસ-નં.૪૧/૨૦૨૫

અરજદાર :- બાંભણીયા બાબુભાઈ જેઠાભાઈ
રે.દેલવાડા, તા.ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.દેલવાડા, તા.ઉના

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના દેલવાડા ગામના રહીશ બાંભણીયા બાબુભાઈ જેઠાભાઈ એ તેઓના પુત્રીશ્રી શોભનાબેન બાબુભાઈ ની જન્મ તા.૦૧/૦૭/૧૯૯૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩/૦૪/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના



-/અકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, તાલાલા//-

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૨૭/૨૦૨૫

શ્રી રજીયાબેન હાજીભાઈ ચોરવાડા વા/ઓ સલીમભાઈ જેઠવા,
મુ.વિરાટનગર, વેરાવળ રોડ, કોડીનાર,
જિ.ગીર સોમનાત્થ............ અરજદાર

-//વિરૂધ્ધ//-

ચીફ ઓફીસર અને
જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર,
નગરપાલિકા કચેરી, તાલાલા.................... સામાવાળા

બાબત:- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રી રજીયાબેન હાજીભાઈ ચોરવાડા વા/ઓ સલીમભાઈ જેઠવાનો જન્મ મુ. તાલાલા મુકામે તા.૧૮/૦૭/૧૯૮૨ ના રોજ થયેલ છે. જેની જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નગરપાલિકા કચેરી તાલાલામાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી રજીયાબેન હાજીભાઈ ચોરવાડા વા/ઓ સલીમભાઈ જેઠવા મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના તેમના મુખત્યાર અથવા વડીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૧૧ : ૩૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) અને સમાચાર પત્રમાં પ્રસિધ્ધિ કરી સમાચાર પત્ર રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તાલાલા



તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૫૪/૨૦૨૫

અરજદાર :- શ્રી માધાભાઈ અરજણભાઈ સાંખટ
સરનામું :- મું.ચીત્રાસર તા.જાફરાબાદ જી અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું. વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

:: નોટીસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ચીત્રાસર** ગામના **શ્રી માધાભાઈ અરજણભાઈ સાંખટ** એ તેમના **પુત્ર નામે શ્રી રમેશભાઈ માધાભાઈ સાંખટ નો જન્મ તા.૦૨/૦૬/૨૦૦૬ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૨ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૨/૦૩/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

તંત્રી લેખ

# રાષ્ટ્રીય એકતા વર્તમાન સમયની માંગ છે

આજે આપણા દેશમાં ધર્મ અને સંપ્રદાયોના અનેક વિવાદો ચાલી રહ્યા છે. આંદોલનો થઈ રહ્યા છે. પ્રદેશવાદ, ભાષાવાદ અને રાષ્ટ્ર વિરોધી પરિબળો મેદાનમાં આવીને હિંસા આચરી રહ્યા છે ત્યારે ભારતની સાંસ્કૃતિક અને સામાજિક એકતાને કાયમ રાખવા માટે સંયુક્ત પરિવાર અને ગ્રામ્ય સંસ્કૃતિ અતિ જરૂરી છે. ‘‘પંચજન્ય’’ સામાયિકમાં જણાવ્યાં અનુસાર રાષ્ટ્રની એકતા સર્વોપરી હોવી જોઈએ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) એ એક ભારતીય હિન્દુ રાષ્ટ્રવાદી સ્વયંસેવક સંગઠન છે. જેની સ્થાપના: ૨૭ સપ્ટેમ્બર ૧૯૨૫ ના રોજ ડૉ. કેશવ બલિરામ હેડગેવાર દ્વારા કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દુ સમાજને સંગઠિત કરી રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવાનો છે. તેની વિચારધારા મુજબ હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને સાંસ્કૃતિક એકતા પર વર્તમાન સમસ્યાનો એકમાત્ર ઉકેલ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) એ એક ભારતીય હિન્દુ રાષ્ટ્રવાદી સ્વયંસેવક સંગઠન છે. હિન્દુ સમાજને સંગઠિત કરી રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવું તે એનો મુખ્ય હેતુ છે. તેની વિચારધારા હિન્દુત્વ, રાષ્ટ્રવાદ, અને સાંસ્કૃતિક એકતા પર આધારિત છે. તેની કાર્યપદ્ધતિ શાખાઓ દ્વારા સ્વયંસેવકોને શારીરિક અને માનસિક રીતે સક્ષમ કરવાની છે. જે સંઘ પરિવારના નામે ઓળખાય છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલ છે, જેને સંઘ પરિવાર તરીકે ઓળખવામાં આવે છે. પ્રમુખ વ્યક્તિઓમાં મોહન ભાગવત સરસંઘચાલક છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ભારતના સામાજિક અને રાજકીય ક્ષેત્રે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાંસ્કૃતિક એકતા એટલે કોઈ દેશ કે પ્રદેશના લોકોની સંસ્કૃતિમાં રહેલી સમાનતાઓ અને એકસૂત્રતા. આ એકતા ભાષા, ધર્મ, પરંપરાઓ, કલા, સાહિત્ય અને મૂલ્યો જેવા વિવિધ પાસાઓમાં જોવા મળે છે. તે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને મજબૂત બનાવે છે. જ્યારે લોકો એક જ સંસ્કૃતિના ભાગ રૂપે એકબીજા સાથે જોડાયેલા હોય છે, ત્યારે તેઓ એક રાષ્ટ્ર તરીકે વધુ મજબૂત બને છે. સમાજમાં શાંતિ અને સૌહાર્દ જળવાય તે જરૂરી છે. સાંસ્કૃતિક એકતા સમાજમાં શાંતિ અને સૌહાર્દને પ્રોત્સાહન આપે છે. જ્યારે લોકો એકબીજાની સંસ્કૃતિને સમજે છે અને તેનું સન્માન કરે છે, ત્યારે તેઓ એકબીજા સાથે શાંતિપૂર્ણ રીતે રહી શકે છે. સાંસ્કૃતિક એકતા દેશના વિકાસ અને પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જ્યારે લોકો એકબીજા સાથે મળીને કામ કરે છે, ત્યારે તેઓ વધુ સારી રીતે વિકાસ કરી શકે છે. ભારત વિવિધતામાં એકતાનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં વિવિધ ધર્મો, ભાષાઓ અને સંસ્કૃતિઓ ધરાવતા લોકો એક સાથે રહે છે. ભારતીય સંસ્કૃતિમાં રહેલી સમાનતાઓ આ વિવિધતાને એકસૂત્રતામાં બાંધે છે. સાંસ્કૃતિક એકતાને પ્રોત્સાહન આપવાના ઉપાયો એક કરતાં વધુ છે. શિક્ષણ દ્વારા લોકોને વિવિધ સંસ્કૃતિઓ વિશે જાગૃત કરી શકાય છે. કલા અને સાહિત્ય દ્વારા સાંસ્કૃતિક મૂલ્યોને પ્રોત્સાહન આપી શકાય છે. આ માટે ‘‘સંસ્કાર ભારતી’’ નામની સંસ્થા રાષ્ટ્ર ભરમાં ચાલે છે. તેના દ્વારા અનેક પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થઈ રહી છે. સંસ્કાર ભારતી દ્વારા કલા સાહિત્ય અને સાંસ્કૃતિક એકતાની ૭૫ કરતા વધુ પ્રવૃત્તિઓ ગત વર્ષમાં કરવામાં આવી હતી. મીડિયા દ્વારા વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપી શકાય છે. સંસ્કાર ભારતી દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરીને લોકોને એકબીજાની સંસ્કૃતિને સમજવાની તક આપવામાં આવી રહી છે. સાંસ્કૃતિક એકતા એ કોઈપણ રાષ્ટ્રની પ્રગતિ માટે મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ (આરએસએસ) તેના શતાબ્દિ વર્ષમાં નવા વૈચારિક મુદ્દાઓ ઘડવાની તૈયારીમાં છે. સંયુક્ત પરિવાર, સ્વગ્રામ અને મૂળ સાથે જોડાણ હિન્દુત્વ જીવનશૈલીને પ્રોત્સાહન આપવું એ સંઘનું કાર્ય હશે. વસ્તીગણતરી, નાગરિક સંહિતા અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (એનઆરસી) જેવા જટિલ મુદ્દાઓ પર આગળ માટે પણ ચર્ચા કરવામાં આવશે. ૨૧થી ૨૩ માર્ચ સુધી બેંગલુરુ નજીક ચન્નેનહલ્લીમાં સંઘની પ્રતિનિધિ સભાની બેઠક યોજાશે. આ વાર્ષિક બેઠકમાં આગામી વ્યૂહનીતિ ઘડવાની સાથે નવી જવાબદારીઓ પણ સોંપવામાં આવશે.

# સુનિતા વિલિયમ્સની ધરતી પરની જોખમી અવતરણ યાત્રા

યુએસ સ્પેસ એજન્સી નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ તેના ક્રૂ સભ્યો બુચ વિલ્મોર, નિક હેગ અને રશિયન અવકાશયાત્રી એલેક્ઝાન્ડર ગોર્બુનોવ સાથે અવકાશથી પૃથ્વી પર પરત ફર્યા છે. નવ મહિના અવકાશમાં રહ્યા બાદ સુનિતા ભારતીય સમય મુજબ બુધવારે વહેલી સવારે પૃથ્વી પર પરત ફર્યા હતા. સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીઓ સ્પેસએક્સના ક્રૂ ડ્રેગન યાન પર પાછા ફર્યા હતા. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને લઈને ડ્રેગન યાન ભારતીય સમય મુજબ બુધવારે સવારે ૩:૨૭ વાગ્યે ઉતર્યું હતું. તેનું વિશ્વભરમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. નાસાએ અહેવાલ આપ્યો કે સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાન ISS માંથી સફળતાપૂર્વક અનડોક થઈ ગયું, એટલે કે પૃથ્વી તરફ તેની ૧૭ કલાકની સફર શરૂ થઈ. ૧૮ માર્ચના રોજ સવારે ૧૦:૩૫ વાગ્યે યાનને અનડોક કરવામાં આવ્યું હતું. ડ્રેગન હાર્મની મોડ્યુલ પર સ્ટેશનના આગળના પોર્ટથી અલગ થઈ ગયો અને નિયંત્રિત થ્રસ્ટર ફાયરિંગ હેઠળ ધીમે ધીમે દૂર ખસી ગયો. કેપ્સ્યુલ તેની મહત્વપૂર્ણ સિસ્ટમ તપાસમાંથી પસાર થઈ અને બુધવારે સવારે નિર્ધારિત ડીઓર્બિટ બર્ન માટે તૈયાર થઈ હતી. ડ્રેગન કેપ્સ્યુલે પૃથ્વીના વાતાવરણમાં ફરીથી પ્રવેશ કર્યો, અને ૧૯ માર્ચે સવારે ૩:૨૭ વાગ્યે એટલાન્ટિક મહાસાગરમાં સુરક્ષિત ઉતરાણ માટે તેના પેરાશૂટ તૈનાત કરતા પહેલા તીવ્ર ગરમીનો સામનો કરવો પડ્યો હતો. સ્પેસએક્સ ક્રૂ ડ્રેગન કેપ્સ્યુલ રવિવારે સુનિતા વિલિયમ્સને લેવા માટે આઈએસએસ પહોંચ્યું હતું. નાસાએ ફાલ્કન ૯ રોકેટનો ઉપયોગ કરીને ક્રૂ-૧૦ મિશન લોન્ચ કર્યું હતું. આ મિશન ISS પર નવા ક્રૂ પહોંચાડવાનું હતું. આનાથી વિલિયમ્સ અને તેની ટીમને ક્રૂ ડ્રેગનમાં પાછા ફરવાની તક મળી. ત્યારબાદ સોમવારે સાંજે પરત ફરવાની પ્રક્રિયા શરૂ થઈ, જ્યારે ક્રૂ ડ્રેગનનો દરવાજો બંધ થઈ ગયો. ત્યારબાદ અવકાશયાન ISS થી અલગ થઈ ગયું અને પૃથ્વી તરફ તેની યાત્રા શરૂ કરી. સુનિતાને લઈને જતું કેપ્સ્યુલ ફ્લોરિડામાં ઉતર્યા પછી, સુનિતા વિલિયમ્સ અને ક્રૂને ટેક્સાસમાં નાસાના જોહ્નસન સ્પેસ સેન્ટર લઈ જવામાં આવ્યા હતા. અહીં તેમનું મેડિકલ ચેકઅપ થયું હતું. આ પછી, તેમને પૃથ્વીના ગુરુત્વાકર્ષણને અનુરૂપ થવામાં મદદ કરવા માટે પુનઃપ્રાપ્તિ પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, તેમની પાસેથી મિશન સંબંધિત જરૂરી માહિતી પણ લેવામાં આવશે. નાસાએ સુનિતા અને તેના સાથીઓના પાછા ફરવાનું જીવંત પ્રસારણ કર્યું હતું. અવકાશમાંથી ડ્રેગન કેપ્સ્યુલને અનડોક કરીને સમુદ્રમાં ઉતરાણ કરવાની પ્રક્રિયા નાસાની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર લાઈવ કરી હતી.



નાસાએ કહ્યું કે તે નવ મહિના પછી તેના અવકાશયાત્રીઓના પાછા ફરવાથી ખૂબ જ ઉત્સાહિત છે. નિષ્ણાતો કહે છે કે પૃથ્વી પર પાછા ફરેલા અવકાશયાત્રીઓને અહીના વાતાવરણમાં સમાયોજિત થવામાં થોડો સમય લાગી શકે છે. અવકાશમાં નવ મહિના સુધી

**પ્રાસંગિક**
સુરેશ

શૂન્ય ગુરુત્વાકર્ષણમાં રહેવાથી પગના સ્નાયુઓ નબળા પડી જાય છે. આવી સ્થિતિમાં, તેમને પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં હલનચલન કરવામાં મુશ્કેલી પડે છે. તેમને સામાન્ય સ્થિતિમાં પાછા આવવા માટે થોડા અઠવાડિયા કે મહિનાઓ માટે પુનર્વસનની જરૂર છે. નાસા અને સ્પેસએક્સે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર એક નવી ટીમ લોન્ચ કરી છે. ક્રૂ-૧૦ મિશનમાં ચાર અવકાશયાત્રીઓનો સમાવેશ થાય છે. આ મિશન પછી, બે અનુભવી અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર, જેઓ લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ફસાયેલા હતા, તેઓ પૃથ્વી પર પાછા ફર્યા હતા. યુએસ સ્પેસ એજન્સી નાસા અને અબજોપતિ એલોન મસ્કની કંપની સ્પેસએક્સે શુક્રવારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર એક નવી ટીમ મોકલી, જેનાથી ત્યાં ફસાયેલા બે અવકાશયાત્રીઓ, સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરના નવ મહિના પછી પાછા ફરવાનો માર્ગ મોકળો થયો. નાસાએ કહ્યું હતું કે ક્રૂ-૧૦ મિશન શુક્રવારે લોન્ચ થયું, અને અવકાશયાત્રીઓ વિલિયમ્સ અને વિલ્મોરને લઈને ક્રૂ-૯ મિશન બુધવારે (૧૯ માર્ચ) ISS થી પરત ફર્યું છે. ગત ગુરુવારે થોડો વિલંબ થયા પછી, ક્રૂ-૧૦ મિશન પર ડ્રેગન અવકાશયાનને લઈને જતું ફાલ્કન ૯ રોકેટ ભારતીય સમય મુજબ સવારે ૪:૩૩ વાગ્યે

**સુનિતા વિલિયમ્સની ધરતી પરની વાપસી માનીએ તેટલી સહેલી નહોતી. આ યાત્રા અતિશય જોખમ ભરેલી હતી આમ છતાં નાસાના વૈજ્ઞાનિકોને સુનિતા વિલિયમ્સને હેમખેમ ધરતી પર પાછા લાવવામાં સફળતા મળી. આ યાત્રાનું લાઈવ પ્રસારણ થયું હતું.**

નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી ઉડાન ભરી હતી. તેમાં ચાર અવકાશયાત્રીઓનો ક્રૂ હતો, જેમાં એન મેકક્લેન અને નિકોલ આયર્સ, JAXA (જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી) અવકાશયાત્રી ટાકુયા ઓનિશી અને રોસકોસ્મોસ અવકાશયાત્રી કિરીલ પેસ્કોવનો સમાવેશ થાય છે. ક્રૂ-૧૦ એ સ્પેસએક્સની હ્યુમન સ્પેસ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ હેઠળનું દસમું ક્રૂ રોટેશન મિશન હતું અને નાસાના કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ દ્વારા ISS સ્ટેશન માટે ૧૧મું ક્રૂ ફ્લાઈટ હતું, જેમાં ડેમો-૨ ટેસ્ટ ફ્લાઈટનો પણ સમાવેશ થયો. ગુરુવારે ગ્રાઉન્ડ સપોર્ટ ક્લેમ્પ આર્મ સાથે હાઈડ્રોલિક સિસ્ટમની સમસ્યાને કારણે મિશનમાં વિલંબ થયો હતો.

ભારતીય મૂળના પીઢ નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોર ગયા વર્ષે જૂનથી ISS પર ફસાયેલા હતા. બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં ખામી સર્જાયા બાદ આઠ દિવસના ISS મિશનને મહિનાઓ સુધી લંબાવવામાં આવ્યું હતું. નાસાના જણાવ્યા અનુસાર, ક્રૂ-૧૦ નું લોન્ચિંગ થયું હતું અને બંને ફસાયેલા અવકાશયાત્રીઓ પૃથ્વી પર પાછા ફર્યા છે. ટેકનિકલ નિષ્ફળતા તરીકે જે શરૂ થયું તે રાજકીય વિવાદનો વિષય પણ બની ગયું છે, કારણ કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના નજીકના સલાહકાર એલોન મસ્કે વારંવાર ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાયડેન પર બે અવકાશયાત્રીઓને જાણી જોઈને ‘‘ત્યજી દેવા’’ અને તેમને વહેલા પાછા લાવવાની યોજનાઓને નકારી કાઢવાનો આરોપ લગાવ્યો હતો. આ આરોપથી અવકાશ સમુદાયમાં હોબાળો મચી ગયો હતો, કારણ કે મસ્કે કોઈ સ્પષ્ટતા આપી ન હતી. બંનેના પાછા ફરવાની યોજના યથાવત રહી કારણ કે તેમને સ્પેસએક્સના ક્રૂ-૯ માં ફરીથી સોંપવામાં આવ્યા હતા, જે સપ્ટેમ્બરમાં બીજા ડ્રેગન પર પહોંચ્યું હતું જેમાં વિલ્મોર અને વિલિયમ્સ માટે જગ્યા બનાવવા માટે સામાન્ય ચારને બદલે ફક્ત બે ક્રૂ સભ્યો હતા. જ્યારે ડેનિશ અવકાશયાત્રી એન્ડ્રેસ મોગેન્સને X પર આ વાતનો નિર્દેશ કર્યો, ત્યારે મસ્કે તેના પર પ્રહાર કર્યા અને માનસિક રીતે વિકલાંગ લોકો માટે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો.

## શબ્દ સંજોગ-૧૯૬૮



**આડી ચાવી :**
(૧) એક રાશિ (૩)
(૪) એક રંગ (૨)
(૫) ‘મારી...તો સાંભળો’’(૨)
(૭) ...મટી એટલે વૈદ વેરી (૩)
(૮) એક અંગ્રેજી વજન (૩)
(૯) ખાંડવાનો નાનો દસ્તો (૩)
(૧૦) એક વૃક્ષ (૩)
(૧૩) પ્રથમ ટી.વી. પ્રસારણ કેન્દ્ર (૨)
(૧૫) અલગ, ભિન્ન (૨)
(૧૬) એક જ વ્યક્તિ પગે ચાલીને જઈ શકે તેવો રસ્તો (આ-અ) (૩)
(૧૮) દૂધી (૨)
(૧૯) નાનો વહેળો (૩)
(૨૦) મુંબઈનું એક પરુ (૨)
(૨૨) ચા (૧)
(૨૪) એક રાગ (૩)
(૨૭) જગત, દુનિયા (૨)
(૨૮) દશા, હમણા (૨)
(૨૯) ફતેહ (૩)
(૩૦) કીડીને કણ તો હાથી ને ? (૨)

**ઉભી ચાવી :**
(૧) પાણીમાં રહેલુ એક હિંસક પ્રાણી (૩)
(૨) સુથારનું ઓજાર (૪)
(૩) શિયાળામાં ઓછો (૩)
(૪) ઘઉંની એક વાનગી (૩)
(૫) શરીરની ત્રણ ધાતુઓમાંની એક (૨)
(૬) એક તેલી બી (૨)
(૮) વિદેશી દારૂ (૨)
(૧૧) એક શાકભાજી, જેનો સૂપ સ્વાસ્થ્ય માટે સારો (૪)
(૧૨) અનિલ કપૂર, શ્રીદેવી, ઉર્મિલાની ફિલ્મ (૩)
(૧૩) એક વૃક્ષ (૩)
(૧૪) એક નક્ષત્ર (૩)
(૧૫) એક મહિનો (૨)
(૧૭) એનાં કરતા પાતળુંનો અર્થ (અં) (૩)
(૨૧) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૨)
(૨૩) એક ગુજરાતી માસ (૩)
(૨૫) એક વાર (૨)
(૨૬) એક અંગ્રેજી આલ્ફાબેટ (૩)
(૨૭) યમ, યમદેવ (૨)

## શબ્દ સંજોગ-૧૯૬૭ જવાબ

**આડી ચાવી:** (૧) અજમેર (૪) જાર (૬) વૃષભ (૮) ઠઠ (૧૦) ટહેલ (૧૩) પપાડ(પાપડ) (૧૬) દષ્ટિ (૧૭) કોયલ (૧૮) રકત (૨૦) લતત(તલત) (૨૨) કસર (૨૩) રતલ (૨૫) તબબા(બાબત) (૨૬) સમજુ (૨૭) બદર (૨૮) મોરસ.

**ઉભી ચાવી:** (૧) અમાસ (૨) મેરઠ (૩) મેષ (૫) રમલ (૭) લટ (૯) ઠપકો (૧૧) હેકટર (૧૨) સૃષ્ટિ (૧૪) પાયલ (૧૫) ડલત(લડત) (૧૬) દ્રઢ (૧૯) અસબાબ (૨૧) તરજુઓ (૨૨) કબ(૨૪) લટ લણસ(લસણ) (૨૫) તર્જ (૨૬) સર.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૪૮૨ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૧૧૦૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૪૭૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૨૦ |
| અડદ | ૧૨૨૫ | ૧૫૨૫ |
| મગ | ૧૨૩૫ | ૧૯૦૧ |
| વાલ દેશી | ૧૧૨૦ | ૧૩૪૦ |
| વટાણા | ૧૦૫૦ | ૧૮૨૫ |
| સીંગદાણા | ૧૩૭૫ | ૧૪૨૧ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૧૨ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૩૦ |
| તલી | ૧૬૪૫ | ૧૯૭૦ |
| એરંડા | ૧૧૬૬ | ૧૨૨૫ |
| સુવા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૦૩ | ૭૮૪ |
| સીંગફાડા | ૧૦૭૫ | ૧૩૩૫ |
| કાળા તલ | ૩૭૪૪ | ૫૫૦૦ |
| લસણ | ૭૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૮૮૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૧૨૧૦ | ૨૨૧૧ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૫૭૫ | ૪૦૪૭ |
| રાય | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૮૬૦ | ૧૨૬૦ |
| અશેરીયો | ૯૭૦ | ૧૦૭૦ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૨૬૪ |
| રાયડો | ૯૫૦ | ૧૦૫૦ |
| ગુવારનું બી | ૯૨૫ | ૯૮૨ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૮૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૯૦ |
| ડુંગળી સુકી | ૯૦ | ૩૪૦ |
| ટમેટા | ૬૦ | ૧૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૫૦ | ૩૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૦૦ | ૩૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૮૦ | ૧૪૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૮૫૦ | ૧૪૮૬ |
| શિંગ મઠડી | ૮૬૧ | ૧૦૮૧ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૦૯૨ |
| શિંગ ફાડા | ૮૯૫ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૯૯૯ | ૧૨૩૧ |
| તલ કાશ્મીરી | ૧૩૫૦ | ૨૦૩૦ |
| બાજરો | ૩૭૦ | ૫૯૯ |
| જુવાર | ૫૦૦ | ૯૬૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૬૧ |
| ઘઉં લોકવન | ૪૭૮ | ૫૧૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૩ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૧૩૨ |
| ચણા સફેદ | ૧૦૨૨ | ૧૧૧૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૧૬૯ | ૧૨૨૪ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૬૦ |
| ધાણા | ૯૫૦ | ૧૫૧૫ |
| ધાણી | ૧૦૦૦ | ૨૩૨૦ |
| અજમા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૬૦૦ | ૮૯૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૩૮ |
| મરચા લાંબા | ૩૯૦ | ૨૦૬૦ |
| મરચા દેશી | ૧૦૧૦ | ૪૦૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૫૦ | ૩૧૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૬૦ |
| કોબીજ | ૫૦ | ૭૦ |
| શક્કરીયા | ૩૨૦ | ૪૨૦ |
| ટામેટા | ૧૨૦ | ૧૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૧૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૬૧૦ | ૭૧૦ |
| વટાણા | ૬૧૦ | ૮૧૦ |
| ચોળાલીલા | ૬૧૦ | ૮૧૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૩૦ | ૮૩૦ |
| આદુ | ૭૧૦ | ૮૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૩૨૦ | ૪૨૦ |
| ફુદીનો | ૫૩૦ | ૬૩૦ |
| ટીંડોરા | ૪૧૦ | ૬૧૦ |
| બીટ | ૧૬૦ | ૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૬૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૪૧૦ | ૭૧૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૧૦ |
| ડુંગળી સૂકી | ૨૪૦ | ૩૮૦ |
| લસણ લીલુ | ૪૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૧૧૧૦ | ૧૪૧૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| પાલક | ૪૧૦ | ૬૧૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૭૬ |
| સિંગ ફાડીયા | ૮૧૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૨૨૧ | ૧૨૫૬ |
| મરચા સૂકા પટ્ટો | ૬૦૧ | ૪૮૦૧ |
| લસણ સુકું | ૬૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૧૧૩૧ | ૧૪૮૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૪૫૧ |
| રાયડો | ૯૫૧ | ૧૧૧૧ |
| રાય | ૯૫૧ | ૧૦૧૧ |
| મેથી | ૮૬૧ | ૧૨૬૧ |
| કાંગ | ૫૦૧ | ૭૧૧ |
| મરચા | ૪૫૧ | ૨૫૦૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૨૦૦૧ |
| તલ - તલી | ૧૭૧૧ | ૧૯૫૧ |
| મરચા સૂકા ઘોલર | ૧૩૦૧ | ૮૧૦૧ |
| ડુંગળી સફેદ | ૧૪૦ | ૨૦૪ |
| જુવાર | ૫૦૧ | ૧૦૦૧ |
| મગ | ૧૦૮૧ | ૧૬૩૧ |
| ચણા | ૯૬૬ | ૧૦૨૬ |
| વાલ | ૮૦૧ | ૧૩૧૧ |
| ચોળા / ચોળી | ૧૬૫૧ | ૨૦૧૧ |
| સોયાબીન | ૬૫૧ | ૭૮૧ |
| અજમાં | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ગોગળી | ૯૪૧ | ૯૮૧ |
| વટાણા | ૧૦૦૧ | ૧૪૭૧ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૦૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૫ | ૧૩૯૫ |
| મગફળી જીરું | ૯૮૬ | ૧૦૬૦ |
| મગફળી બીટી | ૯૭૦ | ૯૮૫ |
| ચણા | ૯૮૫ | ૧૦૧૫ |
| જીરુ | ૩૫૩૫ | ૪૦૬૫ |
| ઘઉં | ૪૮૫ | ૫૨૫ |
| તુવેર | ૧૨૭૧ | ૧૩૪૯ |
| ધાણા | ૧૩૩૦ | ૧૬૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૩ |
| ઘઉં લોકવન | ૩૫૮ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૪૮૯ |
| ચણા | ૮૯૨ | ૯૮૫ |
| મેથી | ૯૪૦ | ૧૧૩૦ |
| ધાણા | ૧૦૬૫ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૬૪૫ | ૧૬૪૫ |
| તુવેર | ૮૦૦ | ૧૩૨૦ |
| શીંગફાડા | ૯૪૦ | ૯૪૦ |
| ચણા સફેદ | ૯૯૫ | ૯૯૬ |
| ડુંગળી | ૧૯૫ | ૧૯૫ |
| મગફળી | ૮૧૦ | ૯૯૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૪૧૫ |
| મગફળી | ૮૨૫ | ૧૦૦૦ |
| ઘઉં | ૪૭૧ | ૪૮૧ |
| ચણા | ૮૩૬ | ૧૦૦૬ |
| સફેદ ચણા | ૧૦૬૯ | ૧૦૬૯ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૭૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| મેથી | ૯૭૬ | ૯૭૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| રાઈ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૬૦૧ | ૬૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૮૦ | ૧૦૩૩ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૯૦ |
| શીંગ ગીરનાર | --- | ૧૨૨૩ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૩૬ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૦૫૦ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૮૦ |
| ઘઉ લોકવન | ૪૭૬ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૯ |
| બાજરો | ૩૭૫ | ૬૦૧ |
| જુવાર | ૪૭૬ | ૯૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૧ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૮૫ |
| એરંડી | ૧૦૭૫ | ૧૧૭૩ |
| મેથી | ૯૦૦ | ૧૧૮૧ |
| રાય/રાયડો | ૯૮૦ | ૧૦૦૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૬૬ |
| સોયાબીન | ૭૦૦ | --- |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૪૦ | ૧૪૫૮ |
| કપાસ સી ગ્રેડ | ૨૬૦ | ૯૧૦ |
| તુવેર | ૧૦૫૧ | ૧૦૫૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જીરું | ૧૦૦૫ | ૧૧૦૧ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૪૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૮૦ | ૬૨૩ |
| ઘઉં | ૪૮૦ | ૫૮૦ |
| રાઈ | ૯૫૦ | ૧૦૪૪ |
| રાયડો | ૯૪૦ | ૧૦૩૬ |
| મેથી | ૮૫૦ | ૧૦૭૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૪૨ |
| જુવાર | ૬૦૦ | ૯૪૪ |
| એરડી | ૧૦૫૦ | ૧૧૮૧ |
| ચણા | ૯૨૫ | ૧૦૧૬ |
| સોયાબીન | ૬૫૦ | ૭૫૧ |
| ધાણા | ૧૧૨૦ | ૧૭૫૨ |
| કપાસ | ૧૨૩૦ | ૧૪૩૨ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૧૭૩ | ૧૧૭૩ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૩૮ |
| શીંગ જી ૨૦ | ૧૦૧૫ | ૧૦૫૯ |
| એરંડા | ૧૦૯૯ | ૧૨૩૧ |
| જુવાર | ૩૧૮ | ૮૯૭ |

| | | |
|---|---|---|
| બાજરી | ૫૮૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૬૧ |
| અડદ | ૬૧૦ | ૧૪૩૦ |
| મગ | ૧૭૦૦ | ૧૯૦૦ |
| ધાણા | ૫૩૫ | ૧૪૬૧ |
| મેથી | ૮૩૦ | ૧૦૭૧ |
| ચણા નં.૩ | ૯૨૬ | ૧૦૧૪ |
| ચણા દેશી | ૧૦૩૫ | ૧૧૧૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| તલ પુરબીયા | ૩૫૦૦ | ૩૮૩૮ |
| તુવેર | ૧૨૧૪ | ૧૪૧૨ |
| જીરૂ | ૧૩૫૦ | ૪૨૦૦ |
| ડુંગળી લાલ | ૧૪૮ | ૩૬૧ |
| ડુંગળી સફેદ ડી | ૧૬૦ | ૨૫૬ |
| નાળીયેર | ૮૦૦ | ૨૨૫૨ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૧ | ૯૮૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૦૦ |
| જુવાર | ૬૪૦ | ૯૨૦ |
| મગ | ૧૪૦૦ | ૧૭૦૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૩૧ |
| ચણા | ૮૨૬ | ૧૦૧૪ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૧૭૬ |
| રાય | ૯૫૦ | ૯૬૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૨૫ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| એરડી | ૧૦૦૦ | ૧૧૬૯ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૨૫ | ૧૪૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૦૨ |
| તુવેર | ૧૨૬૧ | ૧૨૬૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ધાણા | ૧૨૭૧ | ૧૨૮૬ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૬૩૦ | ૭૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ચોળી | ૧૨૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૮૭૫ | ૧૦૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૧૮૬૦ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૦૩૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૯૨ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૯૫ |
| લસણ | ૬૦૦ | ૧૪૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૨૬૦૦ | ૩૯૮૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૮૦૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૫૦ |
| ધાણી | ૧૬૦૦ | ૧૯૪૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૪૭૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૧૫ |
| રાજમા | ૭૫૫ | ૮૫૫ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ:
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખાંભા તાલુકામાં વીજચોરી કરતાં અસામાજીક તત્વોને રૂા. ૪.૭૫ લાખનો દંડ ફટકાર્યો

ખાંભા, તા.૧૯

અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદેસર વીજચોરી કરવામાં આવતી હોય છે ત્યારે આવી પ્રવૃત્તિને ડામવા માટે પીજીવીસીએલની ટીમ એક્શનમાં આવી છે. ખાંભા તાલુકાના અસામાજીક તત્વો ઘરના મીટરમાં કે ખેતરે વીજચોરી કરતા હોય તેમની સામે ગુનો દાખલ કરી પીજીવીસીએલની ટીમે પોલીસને સાથે રાખી કુલ



આશરે રૂા.૪,૭૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. જેમાં પ્રતાપભાઈ મધુભાઈ માંજરીયા રહે.નાની ધારીને ૨ લાખથી વધુનો દંડ, રણજીતભાઈ ધીરૂભાઈ વાળા રહે.નાની ધારીને ૧ લાખથી વધુનો દંડ, ભરત ગભરૂભાઈ વાળા રહે. કોટડાને ૧ લાખનો દંડ, પ્રતાપ ગભરૂભાઈ વાળા રહે.કોટડાને ૫૦ હજારનો દંડ, અનિરૂદ્ધ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળા રહે.કોટડાને ૨૫ હજારનો દંડ તથા દેવશીભાઈ કાનાભાઈ વાઢેર રહે.મોટા બારમણને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ તમામ ઘરે તેમજ તેમના ખેતરે રાખેલ મીટરમાં વાયરનાં છેડા નાખી વીજચોરી કરતા ઝડપાતા તેમનાં વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી મોદી અને દિલીપ સંઘાણી વચ્ચે થઈ મુલાકાત

અમરેલી,તા.૧૯

લાંબાગાળાની અને પ્રગતિકારક અનેક યોજનાઓ અને ખેડૂત, ગ્રામીણ વિકાસ અને માળખાકીય સવલત, વિકાસ સાથોસાથ રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે સહકારી ક્ષેત્રની યોજનાઓ સહિત ભારતની સહકારી અને કૃષિ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા સાથે નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ઈફકો અને એન.સી.યુ.આઈ.ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી વચ્ચે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. જેમાં પ્રવર્તમાન સમયમાં દેશના વિકાસમાં સહકારની ભૂમિકા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



ખાસ કરીને ખેડૂતોની આવક, શ્વેતક્રાંતિ અંતર્ગત ડેરી યોજનાઓ, પશુપાલન સહિત વિશેષ પ્રકારે સહકારી પ્રવૃત્તિને આવરી લેતી બાબતોનો ચર્ચામાં સમાવેશ કરવામાં આવેલ હતો. ભારતની સહકારી પ્રવૃત્તિ અને તેના થકી થતા વ્યવસાયીક ઉત્પાદનો અને તેના આંતરરાષ્ટ્રિય બજારોની અસર દેશની પ્રગતિ માટે લાભકારકતા વિગરે બાબતે આશાવાદ સેવ્યો હતો. સહકારી ક્ષેત્ર અને સરકાર તેમજ સહકારી ક્ષેત્ર અને તેની સંગઠનાત્મક શક્તિ દ્વારા ગ્રામીણ ક્ષેત્રના વિકાસ સુધી વિસ્તરેલ કૃષિ અને સહકારી બાબતને હજુ તેજ ગતિએ આગળ ધપાવવા અને તે માટે જરૂરી રચનાત્મક આચાર-વિચારની આપલે કરવામાં આવી હતી.

# સાવરકુંડલાના પત્રકાર સૌરભ દોશીનો આજે જન્મદિવસ, શુભેચ્છાઓનો ધોધ

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલના પત્રકાર સૌરભભાઈ દોશીનો આજે જન્મદિવસ છે. ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ફૂલછાબ, અવધ ટાઈમ્સ, સંજોગ ન્યૂઝ, સાંજ સમાચાર, જેવા ગુજરાતના જાણીતા પેપરમાં પત્રકાર તરીકે જોડાયેલા છે. અને અમરેલી જિલ્લામાં એક ઓનલાઈન પ્લેટફોર્મ પર લોકોને અપડેટ બ્રેકિંગ ન્યૂઝ મળી રહે તે હેતુથી કેડી ન્યૂઝ પણ અમરેલી



જિલ્લાના સમાચારમાં પોઝિટિવ બાબતે જાણીતું છે. આજે સૌરભભાઈ દોશીના જન્મદિને તેમને તેમનાં મોબાઈલ નંબર ૯૮૨૪૫ ૬૧૫૬૧ પર અભિનંદન મળી રહ્યાં છે.

# લાયન્સ કલબ દ્વારા ભુરખીયા ખાતે ૮૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૯

લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ, શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૮૩મા વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું ભુરખીયા હનુમાનજી મંદિર મુકામે બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાત ડો. કાનન સેદાણીએ કરી હતી. જરૂરિયાતમંદ



દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતી. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૭૬ દર્દીઓએ લાભ લીધો હતો અને ૬૧ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. આ કેમ્પને સફળ બનાવવામાં લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન ઋજુલભાઈ ગોંડલીયા, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, નિલેશભાઈ ભીલ, બહાદુરભાઈ ભટ્ટ, ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન મનોજભાઈ કાનાણીની યાદી જણાવે છે.

# ગોંડલમાં સગીરને માર મારતા પાટીદાર સમાજે આક્રોશ સાથે આવેદન પાઠવ્યું

ગોંડલ,તા.૧૯

ગોંડલમાં ગત સાંજે સંગ્રામસિંહ હાઈસ્કૂલના મેદાનમાં હનુમાનજી મંદિર પાસે ત્રણ શખ્સો દ્વારા ભગવતપરામાં



તસ્વીર : ભોજાણી દેવાંગ

રહેતા સગીરને ધોકા વડે બેરહેમ માર મારી વચ્ચે પડેલા તેના પિતા તથા માતાને પણ માર મારતા ઈજાગ્રસ્ત સગીરને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બીજી બાજુ સગીરને માર મારવાની ઘટનાને લઈને રોષીત બનેલા પાટીદાર સમાજે પ્રાંત અધિકારીને આક્રોશ સાથે આવેદનપત્ર પાઠવી ચોવીસ કલાકમાં આરોપીઓને ઝડપી પાડવા રજૂઆત કરી છે અન્યથા રાજકોટ એસપી તથા કલેકટર કચેરીએ મોરચો લઈ જવા ચીમકી અપાઈ છે.

# અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખેડૂતોને જાહેર અનુરોધ

અમરેલી, તા.૧૯

અમરેલી તાલુકામાં ટેકાનાં ભાવે કપાસ વેંચવા માટે રજીસ્ટ્રેશન કરાવેલા ખેડૂતોને જરૂરી આધાર પુરાવા સાથે કપાસ વેંચવા માટે લઈ જવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમનાં જણાવ્યા મુજબ જે ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે તેઓએ તા.૨૧/૦૩ને શુક્રવાર સુધીમાં (૧) સર્જન કોટેક્ષ, કેરીયારોડ, અમરેલી (૨) દેસાઈ કોટેક્ષ, ચિત્તલ, (૩) મિલન કોટેક્ષ, ચિત્તલ પૈકી કોઈપણ નજીકનાં સેન્ટર ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વેંચાણ કરવા માટે લઈ જવા જણાવવામાં આવ્યું છે.

GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED
Government of Gujarat undertaking
ISO 9001:2015 certified
GETCO
Corporate Office, Sardar Patel Vidyut Bhavan, Race Course, Vadodara

## જાહેર જનતા જોગ
## "તમારી સુરક્ષા તમારા જ હાથમાં"

ગુજરાત રાજયના વિવિધ વિસ્તારમાંથી પસાર થતી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના તાબા હેઠળની વીજ લાઈનઓથી જાહેર જનતાને કોઈ પણ જાતની જાનહાનિ ન થાય તે હેતુથી નીચે જણાવેલ બાબતોની તકેદારી રાખવા વિનંતી કરવામાં આવે છે.

- કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણ(CEA) નિયમન– ૨૦૨૩ના નિયમ ૬૩(૧), (૨), (૩) અને ૬૫(૧), (૨), (૩)ની જોગવાઈ તેમજ ભારતીય વીજ ધારો–૨૦૦૩ના નિયમ ૬૮(૫) હેઠળ, વીજ લાઈનની આસપાસ અથવા લાઈનની નીચે કોઈ પણ પ્રકારનું બાંધકામ કરવું ગેરકાયદેસર છે. માનવની સલામતી માટે આ નિયમોનું પાલન ચુસ્તપણે કરવું આવશ્યક છે.
- વીજળીના ટાવર કે થાંભલા નીચે કે ભારે વીજ દબાણવાળી લાઈનનાં નિયત કરેલ RoU માં અનઅધિકૃત વસવાટ કે બાંધકામ ન કરવું.
- વીજ લાઈનના ટાવર કે તાંણીયા સાથે જાનવરોને બાંધવા નહી તેમજ વીજ ટાવર કે થાંભલા પાસે બાળકો ન રમે તેનું ખાસ ધ્યાન રાખવું.
- વીજળીના ટાવર, થાંભલા કે લાઈન નીચે અથવા આસપાસ પોસ્ટર / બેનરનું સ્થાપન કરવું નહીં.
- વીજળીના ટાવર કે થાંભલા સાથે તાર બાંધીને કપડાં સુકવવા નહીં.
- વીજ લાઈનના ટાવર/થાંભલા નજીક ખોદકામ કરવાનું ટાળો.
- અંડર ગ્રાઉન્ડ વીજ કેબલ લાઈનના માર્ગમાં ખોદકામ કરતી વખતે વીજ કેબલનું ધ્યાન રાખવું તથા CBuD (Call Befroe u Dig) પોર્ટલનો અવશ્ય ઉપયોગ કરવો
- અંડર ગ્રાઉન્ડ વીજ કેબલ લાઈનના માર્ગમાં લગાવેલ રૂટ માર્કરને કાંઢવાનો પ્રયત્ન ન કરવો.
- વીજ લાઈનની નીચે કે નજીક વૃક્ષો વાવવા નહીં તેમજ ખેતરમાં વીજ લાઈન નીચે સૂકો પાક/કચરો સળગાવવો નહી.
- જીવંત વીજ લાઈનની નજીકમાં રહેલા ઝાડની ડાળી કાપવી નહી. ઝાડની ડાળી કાપવાની જરૂરીયાત હોય તો સંબંધિત વીજ વિભાગને જાણ કરવી.
- વીજ લાઈનની નજીક/ઉપર પાણી ફેંકવું નહી, પાણી વીજ લાઈન પર પડવાથી પ્રાણ-ઘાતક અકસ્માત થઈ શકે છે.
- મકાનની નજીકથી પસાર થતી વીજ લાઈનોથી સલામત અંતર રાખી કામ કરવું.
- જીવંત લાઈનના સંપર્કમાં વીજવાહક પદાર્થ જેવા કે લોખંડ/ધાતુના સળિયા,પાઈપો અથવા અન્ય સમાન સામગ્રી ન આવે તેની તકેદારી રાખવી.
- વીજલાઈનની નીચેથી વધુ ઊંચાઈવાળી સીડી કે અન્ય વસ્તુ લઈ જતાં વીજ વાયરથી યોગ્ય અંતર જાળવવું.
- જીવંત વીજ લાઈનની નજીક કે તેની નીચે વાહન પાર્ક કરી તેમાં માલ સમાન ન ભરવો.
- ભારે વાહનોમાં માલ ભરી ઊંચાઈ એટલી ન વધારવી કે જેથી ઈલેક્ટ્રીક લાઈનને અડી જવાય.
- માલવાહક ટ્રકના હાઈડ્રોલીક જંપર નીચે કર્યા પછી જ વીજલાઈન પસાર થતી હોય તેવો રસ્તો ક્રોસ કરવો.
- ઔદ્યોગિક વિસ્તારમાંથી પસાર થતી વીજ લાઈનોની નીચેથી ટ્રક વગેરે વાહનોનું પરિવહન સાવચેતીથી કરવું અને હંમેશા સલામત અંતર જાળવવું.
- વળાંકમાં ગાડી રીવર્સ કરતાં પાછળ આવેલા ઈલેક્ટ્રીક પોલ/ટાવરથી સલામત અંતર જરૂરી છે.
- કેબલ વાયર, સર્વિસ વાયર, દોરી કે રસ્સાને અથવા અન્ય કોઈ પણ પ્રકારના તાંણીયાને વીજ લાઈનની ઉપરથી પસાર કરવા નહીં.




મુખ્ય ઇજનેર(એ.એમ.)
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ.
વડોદરા

# અમરેલી શહેરમાં અસામાજિક તત્વોને કાબુમાં લેવા એસ.પી.નું નાઈટ પેટ્રોલિંગ

અમરેલી,તા.૧૯

અમરેલી શહેર અને જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિને ડામવા અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા રાત્રીના સમયે પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા અમરેલી શહેરના બસસ્ટેન્ડ ચોક પાસે ચેકીંગ હાથ ધરાયુ હતું. અસામાજિક તત્વો સામે પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ યોજી



હતી. અમરેલી સીટી LCB તેમજ SOG પોલીસ અધિકારીઓ દ્વારા ચેકીંગ હાથ ધરાયુ હતું. પોલીસે લાઈસન્સ વગર વાહન ચલાવનારને હાજર દંડ ફટકારવામાં આવ્યો હતો. અમરેલી શહેરમાં કોમ્બીંગ, નાઈટ પેટ્રોલિંગને લઈને અમરેલી ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ વી.એમ. કોલાદરા તથા અમરેલી સિટી પીઆઈ ડી.કે.વાઘેલા, એસઓજી પીઆઈ આર.ડી.ચૌધરી સહિત સ્ટાફ દ્વારા ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યુ હતું.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના પદાધિકારીઓની નિમણૂક

અમરેલી,તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના સરસ્વતી વિદ્યા સંકુલ ખાતે ૧૭ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-રાષ્ટ્રીય બજરંગ દળની સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠક યોજાઈ હતી. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સ્થાપક ડો.પ્રવીણભાઈ તોગડીયા, રાષ્ટ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ, ગુજરાત પ્રદેશ મહામંત્રી હિંમતભાઈ બોરડ અને સૌરાષ્ટ્ર



પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળસિંહ ખુમાણ અને સૌરાષ્ટ્ર પ્રાંતના ઘણા પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ નિમણૂક કરાઈ હતી. સૌરાષ્ટ્ર પ્રાંત ઈન્ડિયા હેલ્થ લાઈનના પ્રમુખ તરીકે ડો.કિરીટભાઈ દેસાણી, રાષ્ટ્રીય કિસાન પરિષદના પ્રાંત પ્રમુખ સી. કે. પટેલ, રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય છાત્ર પરિષદ પ્રાંત પ્રમુખ પવનદેવસિંહ રાણા, પ્રાંત મંત્રી મજબૂતસિંહ બસિયા, રાષ્ટ્રીય કિસાન પરિષદ પ્રાંત મંત્રી બીજલભાઈ રબારી, રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત મંત્રી ચંદુભાઈ વાળા, રાષ્ટ્રીય બજરંગ દળ પ્રાંત મંત્રી ગીરીરાજસિંહ રાણા તેમજ પ્રાંત મહિલા પરિષદ પ્રમુખ સીમાબેન પટેલ, રાષ્ટ્રીય કિસાન પરિષદ પ્રાંત મંત્રી મનહરભાઈ ચાવડા વગેરેની વરણી કરવામાં આવી હતી.

# ગેરકાયદે વીજ જોડાણ લેનારા ૭ ઈસમો સામે કાર્યવાહી કરતી મરીન પોલીસ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં અસમાજિક તત્વો સામે પોલીસે લાલઆંખ કરી છે. જિલ્લામાં અસમાજિક તત્વો વીજચોરી કરતા હોવાથી



પોલીસે આવા ઈસમો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં મરીન પોલીસ અને રાજુલા પીજીવીસીએલ દ્વારા મરીન પોલીસના તાબામાં આવતા ગ્રામ્ય પંથકોમાં ગેરકાયદે વીજ જોડાણ લેતા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરતા પોલીસે નના સાર્દુલ વાઘ રહે. રામપરા-૨, લાલા જોધાભાઈ શિયાળ રહે. રામપરા-૨ની અટકાયત કરી હતી. જયારે નના બાઘા વાઘ, ભગવાન કાળુ વાઘ, સુમરા અરજણ વાઘ, લખમણ મુળુ વાઘ રહે. તમામ રામપરા-૨ અને શીવા હમીરભાઈ વાઘ રહે. ભેરાઈ તા.રાજુલાવાળાને પકડવા માટે કવાયત હાથ ધરી છે.

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૪૮/૨૦૨૫

અરજદાર :- શ્રી બાંભણીયા છનીબેન નથાભાઈ
સરનામું :- મું.મોટીશેરી, ખારવાવાડ, જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ
મું. જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી બાંભણીયા છનીબેન નથાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી ધીરૂ નથાભાઈ બાંભણીયા નો જન્મ તા.૧૧/૧૨/૧૯૭૭ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ૧૦ હજારથી વધુ NHM કર્મચારીઓ માસ CL પર, પગાર વિસંગતતા સહિત ૮ માંગણીઓ મુદ્દે આંદોલન

ગાંધીનગર, તા.૧૯

નેશનલ હેલ્થ મિશનના ૧૦૦૦૦થી વધુ કર્મચારીઓ આજે એક દિવસની માસ સી.એલ. પર ઉતર્યા છે. કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓનો કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ જાહેર કરાયેલા પગાર વધારાના પરિપત્રમાં બેઝિક-પેની વિસંગતતા દૂર કરવાનો સમાવેશ થાય છે. વર્તમાન ૫% ઈન્ક્રિમેન્ટને વધારીને ૧૫% કરવાની માંગ પણ કરવામાં આવી છે. અન્ય મહત્વપૂર્ણ માંગણીઓમાં સિનિયોરિટીને ધ્યાનમાં લેવા, પ્રસૂતિ રજાના ૧૮૦ દિવસને સંપૂર્ણ પગાર સાથે મંજૂર કરવા અને EPFનો લાભ આપવાનો સમાવેશ થાય છે. કર્મચારીઓએ કોવિડ-૧૯ સમયગાળા દરમિયાનના ૧૩૦ દિવસનો પગાર ચૂકવવાની માંગ પણ કરી છે. કર્મચારીઓ જિલ્લા બદલીની સુવિધા અને મૃત્યુ સહાય રકમ વર્તમાન ૨ લાખથી વધારીને ૧૦ લાખ કરવાની માંગ પણ કરી રહ્યા છે. યુનિયન દ્વારા આ તમામ માંગણીઓ અંગે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર પરિણામ ન આવતા આ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે.




# રાષ્ટ્રીય ગોકુલ મિશનનાં અમલીકરણને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી, પશુપાલકોને ફાયદો થશે

નવીદિલ્હી,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેબિનેટે એક મોટો નિર્ણય લીધો છે. મંત્રીમંડળે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ માટે સુધારેલ ફાળવણી સાથે સુધારેલા રાષ્ટ્રીય ગોકુલ મિશનના અમલીકરણને મંજૂરી આપી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે આ માહિતી આપી હતી. સરકારનું આ મિશન કૃત્રિમ ગર્ભાધાન અને ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન દ્વારા દૂધ ઉત્પાદનની ઉત્પાદકતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સરકારના આ નિર્ણયથી દેશના તમામ પશુપાલકોને ફાયદો થશે અને તેમની આવકમાં પણ વધારો થશે. આ ઉપરાંત, કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ૪,૫૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે જેએનપીએ પોર્ટ (પગોટ) ને મહારાષ્ટ્રના ચોક સાથે જોડવા માટે છ લેનવાળા ૨૯.૨૧ કિમી લાંબા એક્સપ્રેસવેના નિર્માણને મંજૂરી આપી છે. એક સત્તાવાર



નિવેદન અનુસાર, હાઈવે પ્રોજેક્ટ કુલ રૂ. ૪,૫૦૦.૬૨ કરોડના ખર્ચે બિલ્ડ, ઓપરેટ, ટ્રાન્સફર પદ્ધતિ પર વિકસાવવામાં આવશે. મંત્રીમંડળે ઓછા મૂલ્યના ભીમ-યુપીઆઈ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧,૫૦૦ કરોડની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. નાના વેપારીઓ શ્રેણીના રૂ. ૨૦૦૦ સુધીના વ્યવહારો માટે પ્રતિ વ્યવહાર મૂલ્યના ૦.૧૫% ના દરે પ્રોત્સાહન આપવામાં આવશે. ઓછા મૂલ્યના ભીમ-યુપીઆઈ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટેની પ્રોત્સાહન યોજના ૧ એપ્રિલ, ૨૦૨૪ થી ૩૧ માર્ચ, ૨૦૨૫ દરમિયાન લાગુ કરવામાં આવશે જેનો અંદાજિત ખર્ચ રૂ. ૧,૫૦૦ કરોડ થશે.

# કૌશિક વેકરીયા અમરેલીનો અવાજ ન બને તે માટે ષડયંત્ર : હર્ષ સંઘવી

ગાંધીનગર, તા.૧૯



અમરેલીનાં લેટરકાંડ મુદ્દે હર્ષ સંઘવીએ ગૃહમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે તમે પાટીદારો પર રાજનીતિ કરી રહ્યા છો. કૌશિક વેકરીયા અમરેલીનો અવાજ ન બને તે માટે રાજકીય ષડયંત્ર કરી રહ્યા છો. કોંગ્રેસનાં શાસનમાં પટેલ ધારાસભ્યોની પણ ખુલ્લેઆમ હત્યા કરવામાં આવી હતી. અમરેલી લેટરકાંડમાં રીપોર્ટનાં આધારે ૧૦૦ ટકા પગલા લેવામાં આવશે. પટેલ સમાજને રાજનીતિનો હાથો બનાવી રાજકારણ કરવા કોંગ્રેસ તત્પર છે. અને કૌશિક વેકરીયા વિરૂધ્ધ રાજકીય ષડયંત્ર રચ્યું છે. રેશ્મા પટેલે પણ અવારનવાર આ અંગે વાત કરી હોવા છતાં કોંગ્રેસે તે તરફ ધ્યાન જ આપ્યું નથી તેમ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

# ભારતીય શેરબજારમાં સતત ત્રીજા દિવસે વધારો : સેન્સેક્સ ૧૪૮ અને નિફ્ટીમાં ૫૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ,તા.૧૯

ભારતીય શેરબજારો આજે સતત ત્રીજા દિવસે વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા. બુધવારે, બીએસઈ સેન્સેક્સ ૧૪૭.૭૯ પોઈન્ટ (૦.૨૦%) વધીને ૭૫,૪૪૯.૦૫ પર બંધ થયો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૭૩.૩૦ પોઈન્ટ (૦.૩૨%) વધીને ૨૨,૯૦૭.૬૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે બુધવારે બજારે વધારા સાથે લીલા નિશાન પર કારોબાર શરૂ કર્યો હતો. મંગળવારે શેરબજાર મોટા વધારા સાથે બંધ થયું હતું. ગઈકાલે, સેન્સેક્સ ૧૧૩૧.૩૧ પોઈન્ટ (૧.૫૩%) ના વધારા સાથે ૭૫,૩૦૧.૨૬ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૨૫.૫૫ પોઈન્ટ (૧.૪૫%) ના વધારા સાથે ૨૨,૮૩૪.૩૦ પોઈન્ટ પર બંધ થયો હતો. બુધવારે, સેન્સેક્સની



૩૦ કંપનીઓમાંથી ૧૭ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા અને બાકીની ૧૩ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા. બીજી તરફ, નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૧ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા અને બાકીની ૧૯ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા સ્ટીલના શેર સૌથી વધુ ૨.૪૯ ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે ટેક મહિન્દ્રાના શેર સૌથી વધુ ૨.૨૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.

# ઈડીએ નોકરી માટે જમીન કેસમાં લાલુ યાદવની પૂછપરછ કરી

પટણા,તા.૧૯

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળ નેતા લાલુ યાદવની આજે ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. મંગળવારે અગાઉ ઈડીએ તેમની પત્ની રાબડી દેવી અને પુત્ર તેજ પ્રતાપની પૂછપરછ કરી હતી. જ્યારે લાલુ પટના ઈડી ઓફિસ પહોંચ્યા ત્યારે અધિકારીઓએ તેમને પૂછ્યું કે તમે કેમ છો. પહેલા થોડો આરામ કરો. તમને શું ગમશેઃ પાણી, ચા કે કોફી? આના પર લાલુએ કહ્યું કે તે સાચું હતું. વાસ્તવમાં, ઈડી લાલુ યાદવની



લેન્ડ ફોર જોબ કેસમાં પૂછપરછ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડી લાલુ યાદવની લાંબા સમય સુધી પૂછપરછ કરી શકે છે. છેલ્લી વખત પૂછપરછ ૧૦ કલાક સુધી કરવામાં આવી હતી. લાલુ યાદવ નોકરી માટે જમીનના કેસમાં જામીન પર છે.

# નાગપુરમાં હિંસા દરમિયાન તોફાનીઓએ મહિલા પોલીસ કર્મીઓનાં કપડાં ફાડવાનો પ્રયાસ કર્યો હોવાનો ખુલાસો

નાગપુર,તા.૧૯

નાગપુર હિંસા દરમિયાન, તોફાનીઓના ટોળાએ કેટલીક મહિલા પોલીસ કર્મચારીઓના કપડાં ફાડવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસકર્મીઓ પર પથ્થરમારો અને પેટ્રોલબોમ્બ ફેંક્યા હતા. નાગપુર હિંસામાં નોંધાયેલી એફઆઈઆરમાં આ વાતનો ખુલાસો થયો છે. ગયા સોમવારે નાગપુરમાં વિશ્વ



હિન્દુ પરિષદે મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબર હટાવવાનો વિરોધ કર્યો ત્યારે હિંસા ફાટી નીકળી હતી. દરમિયાન, એક અફવા ફેલાઈ કે વિરોધ પ્રદર્શન દરમિયાન એક ધાર્મિક ગ્રંથ સળગાવવામાં આવ્યો હતો. જેના કારણે હિંસા ફાટી નીકળી હતી. સોમવારે સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ નાગપુરના ચિટનીસ પાર્કના મહલ વિસ્તારમાં હિંસા શરૂ થઈ હતી. આ દરમિયાન તોફાનીઓના ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો અને પેટ્રોલબોમ્બ પણ ફેંકવામાં આવ્યા. ડઝનબંધ વાહનોને આગ ચાંપી દેવામાં આવી. પોલીસે જણાવ્યું કે હિંસાના કેસમાં પાંચ એફઆઈઆર નોંધવામાં આવી છે.

# દેશના ૧૨ રાજયમાં વરસાદની ચેતવણી, તાપમાનમાં ઘટાડો થશે

**૩૦ કિ.મી. ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરાઈ**

જયપુર,તા.૧૯

દેશના ૧૨ રાજ્યોમાં વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. જયપુર સહિત રાજસ્થાનના ૧૨ જિલ્લાઓમાં વરસાદ અને વાવાઝોડા સાથે કરા પડી શકે છે. ૨૦ માર્ચે પણ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. મધ્યપ્રદેશના જબલપુર અને મંડલા સહિત ૧૩ જિલ્લાઓમાં હળવો વરસાદ પડી શકે છે. તેમજ, ૨૦-૨૧ માર્ચે ભોપાલ, ગ્વાલિયર, જબલપુર, રેવા, શહડોલ, ચંબલ અને સાગર વિભાગોમાં વાવાઝોડું અને વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગે ૨૪ કલાક પછી ફરી ઉત્તર પ્રદેશમાં વરસાદનું એલર્ટ જાહેર



કર્યું છે. બુધવારે ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ગઈ ૧૩ માર્ચથી રાજ્યના ઘણા જિલ્લાઓમાં વરસાદ અને કરા પડવાના કારણે રાજ્યના તાપમાનમાં ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે. બીજી તરફ, ઓડિશાના કેટલાક ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. બુધવારે પણ બૌદ્ધ-સંબલપુર સહિત ૪ જિલ્લામાં હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસથી બૌધ જિલ્લો સૌથી ગરમ જિલ્લો તરીકે નોંધાયેલો છે. મંગળવારે અહીં તાપમાન ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ હતું.

# કર્ણાટકનાં ધારાસભ્યએ કરી વિચિત્ર માંગ : પુરૂષોને દર અઠવાડિયે બે બોટલ મફત દારૂ આપવો જોઈએ

બેંગલુરુ,તા.૧૯

જનતા દળ (સેક્યુલર) ના ધારાસભ્ય એમટી કૃષ્ણપ્પાએ કર્ણાટક વિધાનસભામાં એક વિચિત્ર માંગણી કરી. જે બાદ આ બાબતની ચર્ચા બધે થઈ રહી છે. તેમણે કહ્યું કે જો સરકાર મહિલાઓને આટલી બધી મફત વસ્તુઓ આપી રહી છે, તો પુરુષોને પણ દર અઠવાડિયે ૨ બોટલ મફત દારૂ આપવો જોઈએ. બુધવારે ગૃહમાં ચર્ચા દરમિયાન



તેમણે આ વાત કહી. એમટી કૃષ્ણપ્પાએ કહ્યું, 'શ્રીમાન અધ્યક્ષ, મને ખોટું ન સમજો, પણ જ્યારે તમે ૨,૦૦૦ રૂપિયા મફત આપો છો, જ્યારે તમે મફત વીજળી આપો છો, ત્યારે તે આપણા પૈસા છે, ખરું ને?' તો તેમને કહો કે જેઓ પીવે છે તેમને પણ દર અઠવાડિયે બે મફત બોટલ આપે. દર મહિને પૈસા ચૂકવવા શક્ય નથી, ખરું ને? ફક્ત બે બોટલ. આ આપણા પૈસા છે જે શક્તિ યોજના, મફત બસ અને કરંટ માટે આપવામાં આવી રહ્યા છે, ખરું ને? તો પુરુષોને અઠવાડિયામાં બે બોટલ આપવામાં શું ખોટું છે ? તે પૂરું કરો.

# મધ્યપ્રદેશનાં શિવપુરી જિલ્લામાં હોડી પલ્ટી જતાં ૬ શ્રધ્ધાળુઓના મોત

શિવપુરી,તા.૧૯

મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાના ખાનીયાધન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ માતા ટીલા ડેમ ખાતે સિદ્ધબાબા બાબા મંદિરમાં દર્શન કરવા ગયેલા ૭ શ્રદ્ધાળુઓ બોટ પલટી ગયા બાદ ગુમ થઈ ગયા હતા. આજે એનડીઆરએફ ટીમે અત્યાર સુધીમાં ૬ મૃતદેહ બહાર કાઢ્યા છે. કિશોરની શોધ ચાલુ છે. ગઈકાલે જ ૮ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. એનડીઆરએફની ટીમ પણ બચાવ કામગીરીમાં જોડાઈ છે. મળતી માહિતી મુજબ, જિલ્લાના રાજાવન ગામના ૧૫ લોકો મંગળવારે સાંજે લગભગ ૫ વાગ્યે બોટ દ્વારા ડેમની વચ્ચે આવેલા ટાપુ પર સ્થિત સિદ્ધ બાબા મંદિરના દર્શન કરવા જઈ રહ્યા હતા. રસ્તામાં, હોડીએ અચાનક સંતુલન ગુમાવ્યું અને પલટી ગઈ. હોડીમાં સવાર ઘણા લોકો ડૂબવા લાગ્યા હતા. સ્થાનિક ગ્રામજનોએ તત્પરતા દાખવી અને આઠ લોકોને બચાવ્યા હતા.

# અંબુજા સિમેન્ટ કંપનીની કોડીદ્રા અને કુકરાશ બ્લોક માઈનિંગ માટે પર્યાવરણ લોક સુનાવણી

કોડીનાર,તા.૨૦

કોડીનાર સ્થિત અંબુજા સિમેન્ટની વેરાવળ તાલુકાના કોડીદ્રા અને કુકરાશ બ્લોક માઈનિંગ માટે આજે પર્યાવરણ લોક સુનાવણી યોજાઈ હતી. જેમાં કોડીદ્રા, ભેટાળી, રામપરા, આણંદપુરા, કુકરાશ અને આજુબાજુના ગામના લોકોએ ઉપસ્થિત રહી કંપની વધુ વિકાસના કામો કરે તેવી



ઈચ્છા દર્શાવી સમર્થન આપ્યું હતું. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વેરાવળ તાલુકાના કોડિદ્રા ગામે પર્યાવરણીય લોક સુનાવણીનું આયોજન નિવાસી કલેક્ટર રાજેશ આલ અને બોર્ડના એસ.બી.પરમારના અધ્યક્ષ સ્થાને કરાયું હતું.


**:: કુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો સાવરકુંડલા તાબાના સાવર સામાપાદર ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૩૫ પૈકીના પ્લોટ નં. ૭ પૈકીનો ઉતરનો ભાગ જેના કુલ ૧૦૪-૫૬ ચો.મી. થાય છે તે મીલકત હાલ મકવાણા મનીષકુમાર વનમાળીદાસ તથા મકવાણા જીતેન્દ્રકુમાર વનમાળીદાસની માલીકી કબજા ભોગવટાની આવેલી છે. જે ઉપરોકત મીલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ માટેની માંગણી અમારી પાસે કરવામાં આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૮ તા.૨૫/૧/૨૦૧૦ ના રોજનો વેચાણ દસ્તાવેજ ઉષાબેન હર્ષદરાય ગઢીયાના કુલ મુખત્યાર હર્ષદરાય જમનાદાસ ગઢીયાએ કરી આપેલ છે, તથા રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૧૩૯ તા.૧૯/૧૧/૯૬ ના રોજનો વેચાણ દસ્તાવેજ વજુભાઈ દુદાભાઈ તથા ભુપતભાઈ દુદાભાઈના કુલ મુખત્યાર મધુભાઈ દુદાભાઈ જાદવએ કરી આપેલ છે, જે બંને કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે હાલના માલીકને આપવામાં આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે **દિન-૭** માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હક્ક હીત સંબંધ હોય તો તે હક્ક હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે **દિન-૭** ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી **દિન-૭** માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોક્ત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અજય જે. રાઠોડ**
**એડવોકેટ**
જુના માર્કટયાર્ડ, પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

**તા.૨૦/3/૨૦૨૫**
**અમરેલી.**


# પ. બંગાળ સરકારે ખાસ શ્રેણીના કર્મચારીઓને રૂા.૬૮૦૦નું બોનસ આપવાની કરી જાહેરાત

કોલકતા, તા.૧૯

પશ્ચિમ બંગાળ સરકારે એક ખાસ શ્રેણીના કર્મચારીઓ માટે સારા સમાચાર આપ્યા છે. રાજ્ય સરકારે તેના તમામ કર્મચારીઓને ૬,૮૦૦ રૂપિયાનું એડ-હોક બોનસ આપવાનો નિર્ણય લીધો છે જેઓ કોઈપણ ઉત્પાદકતા-સંલગ્ન બોનસ સિસ્ટમ હેઠળ આવતા નથી. આ ખાસ બોનસ એવા કર્મચારીઓને આપવામાં આવશે જેમનો માસિક પગાર માર્ચ સુધી ૪૪,૦૦૦ રૂપિયાથી ઓછો છે. એક વરિષ્ઠ અધિકારીએ બુધવારે આ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું કે આ સંદર્ભમાં મંગળવારે નાણાં વિભાગ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે મુસ્લિમ સમુદાયના કર્મચારીઓને આ મહિનાના અંતમાં આવતી ઈદ-ઉલ-ફિત્ર પહેલા બોનસ મળશે, જ્યારે અન્ય લોકોને ૧૫-૧૯ સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન બોનસ મળશે. અધિકારીએ જણાવ્યું હતું કે પેન્શનરોને ૩,૫૦૦ રૂપિયાની એક્સ-ગ્રેશિયા મળશે.

# હોન્ડુરાસનાં દરિયામાં વિમાન ક્રેશ થતાં ૧૨ લોકોના થયા મોત

હોન્ડુરાસ,તા.૧૯

મધ્ય અમેરિકા સ્થિત દેશ હોન્ડુરાસના દરિયાકાંઠે એક વિમાન ક્રેશ થયું. આ અકસ્માતમાં બાર લોકોના મોત થયા હતા, જેમાં એક પ્રખ્યાત ગેરીફુના સંગીતકારનો પણ સમાવેશ થાય છે.રોઆટન ટાપુથી મુખ્ય ભૂમિ શહેર લા સેઈબા માટે ઉડાન ભર્યાના થોડા સમય પછી લનહાસા એરલાઈન્સનું વિમાન દરિયામાં ક્રેશ થયું હતું. વિમાનમાં ૧૭ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા,



જેમાંથી પાંચને બચાવી લેવામાં આવ્યા હતા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, વિમાન સંપૂર્ણ ઊંચાઈએ પહોંચ્યું ન હતું અને અથડામણ પછી તરત જ સમુદ્રમાં ડૂબી ગયું. બચી ગયેલા લોકોને સ્થાનિક માછીમારોએ બચાવી લીધા હતા. હોન્ડુરાસ સિવિલ એરોનોટિક્સ એજન્સીએ જણાવ્યું હતું કે અકસ્માતની તપાસ ચાલી રહી છે. મૃતકોમાં ભૂતપૂર્વ સંસદસભ્ય અને ગેરીફુના વંશીય જૂથના સભ્ય ઓરેલિયો માર્ટિનેઝ સુજાઉનો સમાવેશ થાય છે, જે મિશ્ર આફ્રિકન અને આદિવાસી વંશના હતા. માર્ટિનેઝ સુજાઉ પાસે અમેરિકન નાગરિકતા પણ હતી. તેમના પ્રતિનિધિ, હેલેન ઓડિલે ગિવાર્ક, એક ફ્રેન્ચ નાગરિક, અકસ્માતમાં બચી ગયેલા લોકોમાં સામેલ હતા.

# સુનિતા વિલિયમ્સએ ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,તા.૧૯

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આજે ધરતી પર પરત ફર્યા હતા. ૯ મહિનાની અંતરિક્ષ સફર બાદ નાસાના અભિયાનમાં સામેલ સુનિતા વિલિયમ્સએ સુરક્ષિત રીતે પૃથ્વી પર ઉતરાણ કરતાં દુનિયા સહિત ગુજરાતના લોકોમાં આનંદની લાગણી છવાઈ છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્યના તમામ મંત્રીઓએ સુનિતા વિલિયમ્સની કામગીરીની પ્રશંસા કરી તેમના સ્વાસ્થ્ય અંગે શુભકામના આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સુનિતા વિલિયમ્સની ભરપૂર પ્રસંશા કરી. તેમણે કહ્યું કે આપણી દીકરીએ ગુજરાત જ નહીં દેશનું નામ રોશન કર્યું છે. સુનિતા વિલિયમ્સનું ધરતી પર



સફળ લેન્ડિંગ એ એક સુખદ ઐતિહાસિક ઘટના જ કહી શકાય. આગામી દિવસોમાં અનેક લોકો માટે સુનિતા વિલિયમ્સ પ્રેરણા બની રહેશે. ‘મહેસાણાના પંડ્યા પરિવારની દીકરી પરત ફરી’ એ જોઈ ખુબ આનંદની લાગણી થાય છે. ૯ મહિના જેટલા લાંબા સમય સુધી સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં રહ્યા હતા. અંતરિક્ષમાં રહ્યા તેના દશ્યો પણ અમે જોયા છે. સુનિતા વિલિયમ્સ પર દેશને ગર્વ છે. સુનિતા વિલિયમ્સે અદભુત સાહસ બતાવી નારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ગુજરાતમાં ૧૯૦૦થી વધુ ડોક્ટર્સની કરાશે ભરતી, વિધાનસભા ગૃહમાં આરોગ્ય મંત્રીની જાહેરાત

**છેલ્લાં ઘણા સમયથી થઈ રહેલી ભરતીની માંગને છેવટે સરકારે સાંભળી**

અમદાવાદ,તા.૧૯

સરકારી હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ પર ડૉક્ટર્સની ભરતી ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. જેની વિધાનસભા ગૃહમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જાહેરાત કરી હતી. આ બાબતે તેઓએ જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલમાં ૧૯૦૦ ડોક્ટરની ભરતી કરવામાં આવશે.

આ બાબતે ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં ૧૯૦૦થી વધુ ડોક્ટરની ભરતી કરવામાં આવનાર છે. જેમાં વર્ગ-૧ની ૧૧૦૦થી વધુ જગ્યા ભરાશે. અને વર્ગ-૨ની ૮૦૦ જગ્યા ભરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા



સમયથી ઉમેદવારો દ્વારા ગાંધીનગરમાં આ ભરતીને લઈ દેખાવ કરવામાં આવ્યા હતા. આ આંદોલનમાં મોટી માત્રામાં ઉમેદવારો જોવા મળ્યા હતા. ત્યારે ગાંધીનગર ખાતે સરકરના વિરોધમાં દેખાવ કરવામાં આવતા પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જેમાં યુવાનોને ટીંગાટોળી કરીને લઈ જવામાં આવ્યા હતા. જોકે છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહેલી ભરતીની માંગને સરકારે છેવટે સાંભળી હતી.

# સુરતના સરથાણામાં હપ્તા લેતા પોલીસકર્મીઓના સરઘસ કાઢો : ધારાસભ્ય કુમાર કાનાણી

સુરત,તા.૧૯

સુરતના સરથાણા પોલીસે પણ કોપીરાઈટના ગુનામાં ૮ લાખનો તોડ કર્યો હોવાનો ધારાસભ્ય કાનાણીએ પોલીસ કમિશનરને પત્ર લખ્યો છે. બે મહિના પહેલાં પાડેલી રેડમાં પોલીસે તોડ કરી ત્રણ માલિક હોવા છતાં એક સામે જ ફરિયાદ નોંધી હતી. ત્યારે કુમાર કાનાણીએ CPને લખેલા પત્રમાં જણાવ્યું કે, પોલીસે કરેલું ઉઘરાણું હપ્તા લેતા ગલીના ગુંડા જેવું છે, હપ્તા લેનારા પોલીસકર્મીઓનું



કાયદા મુજબ સરઘસ કાઢો. હાલ આ મામલે તોડકાંડનો વિવાદ વકરતા પોલીસ કમિશનરે ડીસીપી ઝોન-૧ને ઈન્કવાયરીના આદેશ કર્યા છે. કોપીરાઈટના આ ગુનામાં સરથાણા પોલીસે તોડ કર્યો હોવાની ધારાસભ્ય કુમાર કાનાણીએ પોલીસ કમિશનરને કરેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, ગોડાઉનમાં ૨૦ લાખથી વધુનો માલ હોવા છતાં માત્ર ૩.૩૧ લાખનો માલ ઓન પેપર બતાવાયો છે. બાકીનો માલ પોલીસની મિલીભગતમાં પાંચ આઈસર ટેમ્પો ભરીને આરના એન્ટરપ્રાઈઝના ગોડાઉનથી એન્થમ સર્કલ પાસેના ક્રિષ્ણા ફાર્મમાં સગેવગે કરાયો હતો.

# અમરેલી તાલુકામાં અસામાજીક તત્વો તેમજ વીજચોરી કરતા શખ્સો વિરૂધ્ધ પોલીસની કાર્યવાહી

**ચિત્તલ અને જશવંતગઢના પાંચ શખ્સો સામે કાર્યવાહી કરાઈ**



અમરેલી, તા.૧૯

અમરેલી તાલુકામાં અસામાજીક તત્વો તેમજ ગેરકાયદેસર વીજચોરી કરતાં ઈસમો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી તાલુકા પોલીસ અને પીજીવીસીએલની ટીમના કર્મચારીઓને સાથે રાખી વીજ જોડાણ અંગે તપાસ કરતાં પાંચ શખ્સો ગેરકાયદેસર વીજ જોડાણ લઈ વીજચોરી કરતા હોવાનું સામે આવ્યું છે. જેમાં ધવલ બથવાર રહે. ચિત્તલ, સત્યજીત ઉર્ફે ભુરો સરવૈયા રહે. ચિત્તલ, મંથન મેશીયા રહે.ચિત્તલ, ઘનશ્યામ દેસાઈ રહે.જસવંતગઢ તથા વિપુલ સોલંકી રહે.ચિત્તલ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




# ધોરાજી પાલિકા પ્રમુખ સંગીતા બારોટે રાજીનામું ધરી દેતા ખળભળાટ

રાજકોટ,તા.૧૯

રાજકોટ જિલ્લાની ૫ નગરપાલિકાઓના પ્રમુખ, ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી. જે પૈકી ધોરાજી નગરપાલિકાના પ્રમુખ તરીકે મહિલા પ્રમુખ સંગીતાબેન બારોટનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. સંગીતાબેન બારોટ પ્રમુખ બન્યા બાદ ચર્ચામાં રહેતા પ્રદેશ મોવડી મંડળ સુધી આ વાત પહોંચી હતી અને બાદમાં અચાનક જ મંગળવારે નગરપાલિકાના પ્રમુખ પદેથી સંગીતાબેન બારોટે રાજીનામું આપતા અનેક તર્કવિતર્ક શરૂ થયા છે. સંગીતાબેન બારોટે મંગળવારે જિલ્લા કલેક્ટર સમક્ષ આવી લેખિત રાજીનામું આપ્યું હતું. જેમાં અંગત કારણોસર રાજીનામું આપ્યાનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે, પરંતુ અંગત કારણોસર નહિ પ્રદેશ ભાજપના સૂચનથી રાજીનામું આપવામાં આવ્યું હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

